**સુવિચાર**

એક ધારી લગન, સૂઝ, સમજ અને સૌજન્યભરી કુશળતા કોઈપણ વ્યક્તિને સફળ થવામાં મદદરૂપ બને જ.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૦૫/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર વદ-૮ વર્ષ : ૧૫ અંક : ૧૧૯










## ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાની સાથે અનેક નેતાઓનું રાજકીય ભાવિ દાવ ઉપર

# અમરેલી લોકસભા ચૂંટણીનાં પરિણામ બાદ નવા-જૂનીનાં એંધાણ

### લોકસભાની ચૂંટણીનું પરિણામ જિલ્લાનાં બંને પક્ષનાં અનેક રાજકીય આગેવાનોનું ભાવિ નક્કી કરશે

### ભાજપનાં ઉમેદવાર વિજેતા થશે તો જિલ્લાનાં એકાદ ધારાસભ્યને મંત્રીની ખુરશી મળે તેમ છે

### જો ભાજપનાં ઉમેદવારને સફળતા ન મળે તો ભાજપનાં અનેક આગેવાનો ઉપર વીજળી ત્રાટકે તો નવાઈ નહી

### કોંગી ઉમેદવારની હાર-જીતથી પક્ષનાં ઉભરતા નવા નેતાઓનું પણ ભાવિ નક્કી થશે




અમરેલી, તા. ૧

અમરેલી લોકસભા બેઠકની ચૂંટણીનાં પરિણામ બાદ જિલ્લાનાં ભાજપ અને કોંગ્રેસનાં નવા-જુના અનેક આગેવાનોનું રાજકીય ભાવિ નકકી થવાનું છે. ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયા અને કોંગ્રેસનાં ઉમેદવાર જેની ઠુંમરનું તો રાજકીય ભાવિક નકકી થશે સાથે એકાદ ડઝન જેટલા ભાજપ-કોંગ્રેસનાં નવા-જુના નેતાઓનું પણ ભાવિ તેમની સાથે જોડાયેલ છે.

જો ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયા વિજેતા થશે તો જિલ્લાનાં એકાદ ધારાસભ્યને મંત્રી પદ મળી શકે તેમ છે. તો અમુક ભાજપનાં આગેવાનો ઉપર વીજળી ત્રાટકી શકે તેમ છે.






જો ભાજપનાં ઉમેદવાર પરાજિત થાય તો જિલ્લાનાં ધારાસભ્યની ચિંતામાં વધારો થશે તેવી જ રીતે કોંગી ઉમેદવાર જેની ઠુંમર વિજેતા થશે તો પ્રતાપ દુધાત, વિરજી ઠુંમર, ટીકુભાઈ વરૂ, ચંદ્રેશ રવાણી, હસુભાઈ સુચક, કાંતિલાલ સતાસીયા સહિતનાં અનેક આગેવાનોનું ભવિષ્ય ઉજજવળ બનશે અને કોંગી ઉમેદવાર પરાજિત થશે તો અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષની હાલત અતિ દયનીય સ્થિતિમાં આવી જશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.


## લોકફાળાની રકમનાં અભાવે કામ આગળ થતું નથી

# લીલીયામોટા ખાતે ''નલ સે જલ'' યોજનાં કોઈ માટે ઉપયોગી સાબિત થતી નથી

### ૧૫ હજારની જનસંખ્યાને પાણીની મુશ્કેલી

લીલીયા મોટા, તા. ૧

લીલીયામાં ઉનાળાની શરૂઆતમાં જ પાણીના સ્થાનિક સોર્સમા



પાણી ડુકવા લાગ્યા છે. અહી મહીનુ પાણી છેવાડાના વિસ્તારો સુધી પહોંચતુ ન હોય લોકોને ખુબ મુશ્કેલી વેઠવી પડી રહી છે. અહી નલ સે જલ યોજના ઠેરની ઠેર પડી છે. શહેરમાં ગુજરાત જળ જીવન મિશન અને પાણી પુરવઠા વિભાગ દ્વારા નવ કરોડના ખર્ચે નલ સે જલ યોજનાની કામગીરી કરવામા આવી હતી. પરંતુ આ યોજના ઠેરની ઠેર હોવાનુ જોવા મળી રહ્યું છે. શહેરમાં આઠ માસથી તંત્ર દ્વારા ૩૫ લાખ લીટર ક્ષમતાનો પાણીનો સંપ, ૧૫ લાખ લીટરની ત્રણ ટાંકી અને ૩૨ કિમી વિસ્તારમાં પાઈપ લાઈન બિછાવવાની

અનુસંધાન પાના ૬ ઉપર






## પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ શકિતસિંહ ગોહિલે ભાજપ સરકારને આડે હાથ લીધી

# કોવિશિલ્ડ વેક્સિનની આડ અસરોની હકીકતો બહાર આવી છતાં ભાજપ દ્વારા વેક્સિન કંપનીનો બચાવ

### ભાજપ સરકારે સરકારી કંપનીને બદલે ખાનગી કંપની પાસેથી વેક્સિન શું કામ લીધી તેવો પ્રશ્ન કર્યો

અમદાવાદ, તા. ૧

કોવીશિલ્ડ વેકસીનની આડઅસરોને લીધે થતા મૃત્યુ અંગે એક પછી એક હકીકતો સામે આવી રહી હોવા છતાં ભારતીય જનતા પાર્ટીના શાસકો વેકસીન બનાવતી ખાનગી કંપનીના બચાવનામા રજૂ કરી રહ્યા છે. ત્યારે દેશના નાગરિકોના હાર્ટએટેકના કારણે થયેલ થઈ રહેલા મોત અંગે સંપૂર્ણ તપાસ અને ભાજપ સરકારની ગુનાહિત બેદરકારી અંગે પગલાં ભરવાની માંગણી



કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શકિતસિંહજી ગોહિલે જણાવ્યું હતું કે, વિના આરોગ્યની જે ચિંતા કરે છે તેવી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ૨૦૨૩માં એક ઈમરજન્સી ગાઈડલાઈન બહાર પાડી અને કહ્યું કે વેકસીનની આડઅસરોમાં શરીરમાં બ્લડ કલોટ થાય છે, જેના કારણે હાર્ટએટેક, બ્રેઈનસ્ટ્રોક, કીડની ફેઈલથી મૃત્યુ થતા હોવાનું ધ્યાને આવ્યું છે ત્યારે આ અંગે સર્વેલન્સ અને ધ્યાન રાખવું, તેના પછી પણ આપણા દેશમાં ડેટા કલેકટ કરવામાં આવ્યા નથી.

વ્યકિત યુવાન હોય, હેલ્ધી હોય છતાં હાર્ટએટેક આવીને ગુજરી જાય, હરતા-ફરતાને બ્રેઈનસ્ટોક આવી જાય, કીડની ફેઈલ થવાના કિસ્સા સામે આવ્યા. મૃત્યુના વધતા આંકડાના લીધે ડોકટરોએ કહ્યું કે, આ પ્રકારના મૃત્યુનું કારણ વેકસીન લાગે છે. સંસદમાં શૂન્ય કાળમાં આવા મૃત્યુ અંગે નોટીસ આપવા છતાં સરકારે કોઈપણ સર્વેલન્સ ન કર્યુ.

બ્રિટીશ ફાર્મા કંપની ઓક્સફર્ડ એસ્ટ્રાઝેનેકા જેણે કોરોના વેકસીનની શોધ કરી, તેણે સીરમ ઈન્સ્ટીટયુટ સાથે કોવીશીલ્ડ વેકસીનના પ્રોડકશન માટે કોન્ટ્રાકટ કર્યો હતો.

અનુસંધાન પાના ૬ ઉપર













## શિક્ષણ, આરોગ્ય, રોજગારી સહિતની સમસ્યાનાં કારણે

# અમરેલી જિલ્લામાંથી દર વર્ષે સેંકડો પરિવારોનું સ્થળાંતર

**જિલ્લાની લગભગ તમામ સરકારી શાળાઓ, કોલેજોમાં આધુનિક શિક્ષણ, શિક્ષકો તેમજ માળખાકીય સુવિધાઓનો અભાવ**

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી લઈને સિવિલ હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબો, સાધનોની કમી જોવા મળે છે**

**સરકારી કચેરીથી લઈને ખાનગી કંપનીઓમાં સ્થાનિક યુવાનોને રોજગારી મળતી નથી**

**ખેતી, હીરા સહિતનાં ક્ષેત્રમાં દિનપ્રતિદિન અવનવી મુશ્કેલી આવતા અનેક પરિવારો સ્થળાંતર કરવા મજબુર**

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લામાં વિકાસ થવાને બદલે અનેકવિધ સમસ્યાઓ વધુને વધુ વિકરાળ બની રહી છે. આજે સમગ્ર દેશમાં વિકાસની ચર્ચાઓ થાય છે તેવા સમયે અમરેલીને સમય પ્રમાણે વિકાસનાં ફળ ચાખવા મળતા નથી તે હકીકતનો સ્વીકાર કરવો જરૂરી છે.

અમરેલી એ વર્ષો પુરાણી અમરવલ્લી નગરી છે. જયાં એક સમયે પૂજાવત્સલ ગણાતા રાજવી ગાયકવાડનું શાસન હતું અને તે પહેલા અમરેલીમાં ફરજિયાત શિક્ષણ હતું અને ત્યારે પણ પાંચ ધોરણ ભણેલ વ્યકિત અંગ્રેજી કડકડાટ બોલતા હતા અને આજનાં શિક્ષણનાં ખાનગીકરણનાં માહોલમાં ગ્રેજયુએટને અંગ્રેજી બોલતા ફાવતું નથી.

અમરેલીનાં પનોતા પુત્ર અને ગુજરાતનાં પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાને પણ શિક્ષણ પ્રત્યે ભારે લગાવ હતો અને તેઓ આઝાદી પહેલા વિલાયત અભ્યાસ માટે ગયા હતા અને અમરેલીનાં સદનસીબે તેઓ ગુજરાતનાં પ્રથમ મુખ્યમંત્રી બન્યા અને એટલે વર્ષ ૧૯૬૦થી ૧૯૬૩નાં તેઓનાં કાર્યકાળમાં તેઓએ અમરેલી ખાતે તે સમયે આધુનિક ગણાતી ઈમારણો બનાવીને અને વિશાળ પટાંગણ સાથે આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજ શરૂ કરાવેલ. તેમજ ધારી નજીક ખોડિયાર જળાશય, સિવિલ હોસ્પિટલ સહિત અનેક કાર્યો કરીને જનતાની અનેરી સેવા કરી હતી.

તેઓની વિદાય અમરેલી જિલ્લાની વિકાસગતી અટકી અને છેલ્લા ૫૦ વર્ષમાં સમય પ્રમાણે અન્ય કોઈ વિકાસકાર્યો આગળ ન વધ્યા. અમરેલી જિલ્લામાં પીવાનું પાણી, પ્રાથમિકથી લઈને ઉચ્ચકક્ષાનું સરકારી શિક્ષણ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી લઈને જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં શ્રેષ્ઠ આરોગ્ય સેવાનો અભાવ જોવા મળી રહ્યો છે.

તદુઉપરાંત જિલ્લામાં ખેતી અને હીરા ઉદ્યોગ સિવાય અન્ય કોઈ ઉદ્યોગોનું સ્થાપન ન થતાં બેરોજગાર યુવાનો મહાનગરો તરફ સ્થળાંતર કરવા મજબુર બન્યા છે. હીરા ઉદ્યોગ સતત મંદીમાં સપડાયો છે તો ખેડૂતોને સિંચાઈ માટે પાણી, પુરતા પ્રમાણમાં વીજળી, પોષણક્ષમ ભાવો મળતા નથી, નીલગાય, દીપડા અને સિંહની અવરજવરથી ખેતી કરવી મુશ્કેલ બની છે, ખેડૂતો, રત્ન કલાકારો ભયાનકપણે આર્થિક સંકડામણનો સામનો કરી રહ્યા છે.

જિલ્લામાં માળખાકીય સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે. જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારથી લઈને શહેરી વિસ્તારનાં માર્ગો અતિ બિસ્માર છે. લાંબા અંતરની એસ.ટી. સેવા નથી. જિલ્લાનાં મુખ્ય મથક અમરેલી ઉપરાંત બગસરા, ધારી, બાબરા, ચલાલાને બ્રોડગેજ રેલ્વેની સુવિધા નથી, જિલ્લામાં મોટાભાગનાં પુલ પડવાનાં વાંકે ઉભા છે.

રાજયમાં છેલ્લા ૩૦ વર્ષથી અને દેશમાં ૧૦ વર્ષથી ભાજપની ડબલ એન્જિન વાળી સરકાર ચાલી રહી છે. છતાં જિલ્લાની ૧૫ લાખની જનતા, સારા માર્ગો, શુધ્ધ અને પુરતા પ્રમાણમાં પાણી, શિક્ષણ અને આરોગ્યની સેવા, રોજગારી, સુરક્ષા માંગી રહી છે. પરંતુ રાજકીય આગેવાનો આશ્વાસન આપીને સંતોષ માની રહ્યા છે.

## ભુવાની ૩૦ વર્ષની ધતિંગલીલાનો પદાફાર્શ કરતું વિજ્ઞાન જાથા

# ઠાસરાના રૂપપુરામાં દોરા–ધાગા કરનાર ભુવાનો પર્દાફાશ

**રામપીરના ભુવા રમેશ જીવણભાઈ રાઠોડની કપટલીલા બંધ કરાવતું જાથા**



અમદાવાદ, તા. ૧

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના રૂપપુરા લાટ ગઢવીના મુવાડા ગામમાં છેલ્લા ૩૦ વર્ષથી દોરા–ધાગા, દર્દીઓને ઉપચાર, ધતિંગલીલા કરનાર ભુવા રમેશ જીવણભાઈ રાઠોડનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે ઠાસરા પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૫૨ મો સફળ પર્દાફાશ કર્યોહતો. બિમાર દર્દીઓના શરીર ઉપર નાળિયેર ફેરવી ઉપચાર કરનારનો જાથાએ ભાંડફોડ કર્યોહતો. ગામ લોકોએ ભુવા સામે રોષ વ્યકત કરી જાથાની પ્રશંસા ગ્રામજનોએ કરી હતી.

બનાવની વિગત પ્રમાણે ડાકોર તીર્થધામની બાજુમાં આવેલ ઠાસરા તાલુકાના રૂપપુરા લાટ આસપાસ ગામના પ્રતિનિધિઓ રાજકોટ સ્થિત વિજ્ઞાન જાથાના કાર્યાલયે આવી રૂબરૂ હકિકતમાં જણાવ્યું કે અમારી ગામમાં રામાપીર મંદિરનું ધાર્મિક સ્થાન આવેલ છે. તેમાં ભુવા રમેશ અને તેના પિતા જીવણભાઈ સેવા–પૂજા સાથે જોવાનું કામ કરે છે. પાટોત્સવ સાથે અવારનવાર ઉજવણી કરી મોટેથી માઈકનો અવાજ રાખી રહીશોને ત્રાસ આપે છે. દર રવિવાર, મંગળવાર, ગુરૂવારે, સાંજની આરતી પછી દુઃખ–દર્દ મટાડવાનું કામ કરે છે. રમેશ ભુવા બિમાર વ્યકિતઓના શરીર ઉપર નાળીયેર ફેરવી ઉપચાર કરે છે. લાલ–લીલા દોરા આપે છે. એક હજારથી એકાવન હજાર રૂપિયા વસૂલી બાધા રાખવાનું કામ સોપે છે. સેવકોના ઘરે પધરામણી કરે છે. ભુવા રમેશ સામે મારા–મારીનો ગુન્હો દાખલ થયો છે. ગામ આખું ભુવાથી નારાજ છે. નવા મંદિરના નિર્માણનું કામ ચાલુ છે તેના ફંડ–ફાળાની અપીલ કરે છે. ઝગડાને કારણે ધાર્મિક સ્થાન ફેરવે છે. ભુવાના ચાર–પાંચ ખાસ માણસો વ્યવસ્થા કરે છે.છેલ્લાખ કેટલાક મહિનાથી રામાપીરના મંદિરના બદલે ઘરે જોવાનું કામ શરૂ કર્યુ છે. ભુવા પરિવાર સેવા–પૂજા કરતા આર્થિક સંપન્ન થઈ ગયેલ છે. આરતી સમયે જ ખાસ ધૂણે છે. ઠાસરા, ડાકોર, સલુણ, આદિવાસી વિસ્તારમાંથી પીડિતો જોવડાવવામાં આવે છે. ગામ લોકોને ત્રાસ આપે છે. ભુવાની કપટલીલામાંથી મુકત કરવા અને સત્યનું ઉજાગર કરવા જાથા સમક્ષ માહિતી સ્તોત્ર આપેલ. ગામ લોકોની હકિકત જાથામાં રજીસ્ટર કરવામાં આવી હતી.

જાથાના ચેરમેન જયંત પંડયાએ ગામલોકોની હકિકત ખરાઈ કરવા બે વાર મહિલા સદસ્યા ભાનુબેન ગોહિલ અને ભકિતબેનને રૂપપુરા લાટ મોકલેલ. તેમને લાલ–લીલા દોરા આપ્યા હતા. જરૂરી આધાર પુરાવા મેળવી લીધા, રેર્કોડીંગ કરી લીધું. પર્દાફાશ સંબંધી પુરાવા મળી જતા રમેશ ભુવાનો ભાંડફોડ કરવાનું નકકી થયું.

જાથાના ચેરમેન જયંત પંડયાએ પર્દાફાશ સમયે પોલીસ બંદોબસ્ત–રક્ષણની માંગણી રાજયના ગૃહ મંત્રાલય સચિવ, પોલીસ મહાનિર્દેશક, પોલીસ મહાનિરીક્ષક અમદાવાદ રેન્જ, એસ.પી.ખેડા જિલ્લાને પત્ર પાઠવ્યો. તેઓએ જિલ્લા પોલીસ કંટ્રોલ મારફત ઠાસરા પોલીસ સ્ટેશનને જરૂરી સુચના મોકલી દીધી.

રાજકોટની જાથાના જયંત પંડયાના વડપણ હેઠળ અંકલેશ ગોહિલ, સાહિલ રાજદેવ, પ્રકાશ મનસુખભાઈ, ગુલાબસિંહ, ભાનુબેન ગોહિલ, ડાકોરના આયુર્વેદિક ડોકટર યોગેશભાઈ, ખેડા જિલ્લાના જાથાના સદસ્યોને રૂપપુરા લાટ પહોંચી જવા સંદેશો મોકલી દીધો. ટીમ ઠાસરા પોલીસ સ્ટેશને પહોચી ગઈ.

જાથાના પંડયા સૌ પ્રથમ પી.એસ.આઈ.આર.કે. સોલંકી, પી.એસ.ઓ., એ.એસ.આઈ. વિણાબેન રાનજીભાઈ સામે પરામર્શ કરતાં પર્દાફાશ માટે પો.કોન્સ્ટે. દિનેશભાઈ ભાનુભાઈ વાઘેલા, પો.કોન્સ્ટે. વિજયભાઈ ઉદેસંગભાઈ, રાઈટર જયસિંહ, સ્ટાફ રામાપીરના ભુવા રમેશ પાસે જવા નીકળ્યા.

ભુવા રમેશ રાઠોડે ઘરમાં ધાર્મિક મઢ રાખ્યું હોય ત્યાં પહોંચ્યા ત્યારે બે વ્યકિત જોવડાવવા બેઠા હતા. પોલીસને જોઈસને રવાના થઈ ગયા. જાથાના પંડયાએ પરિચય આપી દોરા–ધાગા, લાલ–લીલા દોરા બતાવ્યા. સાથે મહિલા ભાનુબેનનો પરિચય આપી બે વાર જોવડાવવા આવ્યા છે. આધાર પૂરાવા છે. કાયમી બંધ કરવું, ભવિષ્યમાં માથાકૂટ વધે નહિ તેવી સલાહ આપી. અગાઉ જાથા દેખરેખ રાખે છે તેવી ખબર પડી ગઈ હતી. તેથી મંદિરના બદલે ઘરે જવાનું શરૂ કર્યુ હતું. પરિસ્થિતિ પામી જઈ રમેશ ભુવા અને તેમના પિતા જીવણભાઈએ કાયમી બંધ કરીશું તેવી ખાત્રી આપી. ગામ લોકોની નારાજગીની વાત કરી, નવું ધાર્મિક સ્થાનબને છે તે બતાવવા સઘળી વાત થઈ. સ્થાનિક પોલીસે સમજ આપી, ભવિષ્યામાં મોટો ગુન્હો ન બને તેવું વિચારવા હિતમાં છે.

જાથાના જયંત પંડયા સમક્ષ ભુવો રમેશ ભાંગી પડયો હતો. માફી પત્ર સાથે કબુલાતનામું આપવા સંમપિ આપી હતી. ગામની આગળ લોકોના ટોળેટોળા ભેગા થઈ ગયા હતા. જાથાની પ્રશંસા કરી હતી. ભુવાથી ગામ પરેશાન હતું. લોકોએ રાજીપો વ્યકત કર્યો હતો. ભુવાએ લાયસન્સ વગર ઉપચાર ન કરવો જોઈએ. મંદિરમાં સેવા પૂજા, પાટોત્સવ ઉજવવો સૌનો કાયમી હકક છે. જાથા ધાર્મિક બાબતમાં અડચણ કરતું નથી. ધતિંગ લીલા સંબંધી વાત કરી હતી.

ભુવા રમેશ જીવણે કબુલાતનામું આપી દોરા–ધાગા, ધતિંગ બંધની જાહેરાત કરી હતી. લોકોની માફી માંગી રૂપપુરા લાટમાં જોવડાવવામાં આવવું નહિ તેવીજાહેરાત કરી દીધી હતી. જાથાના ચેરમેન પંડયાએ અમદાવાદ રેન્જના આઈ.જી.પી., ખેડા જિલ્લા પોલીસ વડા, જિલ્લા એલ.આઈ.બી., જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ, ઠાસરા પોલીસ સ્ટેશનનો આભાર માન્યો હતો. ઉત્કૃષ્ઠ કામગીરી પો.કોન્સ્ટે. દિનેશભાઈ ભાનુભાઈ, વિજયભાઈ ઉદેસંગભાઈએ કરી હતી.

ઠાસરા, ડાકોર, સલુણ, આસપાસ ગામોમાં વિજ્ઞાન જાથાની ખબર પડતા લોકો રસ્તામાં મળવા ઉભા હતા. રમેશ જીવણ ભુવાના પર્દાફાશથી લોકો રાજી થયા હતા. જાથાએ કરેલા ૧૨૫૨ મા પર્દાફાશમાં ભાનુબેન ગોહિલ, સાહિલ રાજદેવ, પ્રકાશ મનસુખભાઈ, અંકલેશ ગોહિલ, ગુલાબસિંહ, ડાકોરના યોગેશભાઈ વેદાચાર્ય, સદસ્યોએ ઉતમ કામગીરી બજાવી હતી.

રાજયમાં દોરા–ધાગાની માહીતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર કરવા અપીલ છે.

## વારસામાં કલા મેળવનારની સંખ્યા ઘટી રહી છે તેવા માહોલમાં

# અદ્‌ભૂત : સાવરકુંડલાનાં શિલ્પકાર સાધુ, સંતો, ક્રાંતિકારો અને રાજકીય મહાનુભાવોનાં ફોટાનાં આધારે આબેહૂબ ચિત્ર થાળીમાં તૈયાર કરે

**શિલ્પકાર કેતન રાઠોડ ૭૨ ચો.ફૂટની દુકાનમાં અદ્‌ભૂત કાર્ય કરતા જોવા મળે છે**









અમરેલી, તા. ૧

કારીગરોને અદભૂત કળાઓ વારસામાં મળી હોય છે ને એવા કારીગરો અત્યારે આધુનિક યુગમાં ઓછાજોવામળેછેપણસાવરકુંડલાખાતે રહેતા એક શિલ્પ કારીગરે સાધુ, સંતો, ક્રાંતિકારી યોધ્ધાઓ અને રાજકીય મહાનુભાવોનેફોટોપરથીનકશીકામવડે કંડારીને આબેહૂબ ચિત્ર એક થાળીમાં તૈયાર કરી આપે છે.

સાવરકુંડલામાં એક શિલ્પકાર કેતન રાઠોડ ૬ બાય ૧૨ની દુકાનમાં હાથમાં સીણી અને હથોડી વડે દેશના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરનું શિલ્પ ચિત્ર કંડારી રહ્યા છે.

એમ કહેવાય છે કે, મોરનાં ઈંડાને ચીતરવા ન પડે ત્યારે સાવરકુંડલાની અંદર કંસારા બજારમાં દુકાન ધરાવતા બળવંતભાઈ રાઠોડના પુત્ર કેતનધ્વારા૨૦૧૬થીજર્મનસિલ્વર અનેપિતળનાંસીટઉપરમેન્યુઅલીકોતર કામ કરી સુંદર મજાની કલાકારીગીરી કરીરહ્યાછેજેમાંસાધુ, સંતોનીતસ્વીરો હોય. કોઈ વ્યકિતની તસ્વીરો હોય કે લગ્નમાંવપરાતાદીવડાઓહોયઅદભૂત કારીગરી ધ્વારા આ નમૂનાઓ બનાવવામાંઆવેછેઅનેનકશીકામ કર્યા બાદતેમનેચાંદીનીપ્લેટચડાવીલેમિનેશન પણ કરવામાં આવે છે. તાજેતરમાં લોકસભાની ચૂંટણી પ્રચાર પુરજોશમાં ચાલી રહ્યો છે. ત્યારે આ કારીગર નરેન્દ્ર મોદીનો ચાહક છે અને છેલ્લા દોઢ–બે મહિનાની અથાગ મહેનત બાદ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું કોતર કામ કરી ચાંદીનીપ્લેટિંગકરીઅનેલેટેસ્ટલાઈટિંગ વાળીફ્રેમબનાવીછે. નરેન્દ્રમોદીનુંચિત્ર કમળ અને ૨૦૨૪ લખેલી આ આકર્ષક ફ્રેમ તે સૌરાષ્ટ્રમાં જયા પણ મોદી આવવાના હશે ત્યાં તેમને રૂબરૂ અર્પણ કરવાનીઈચ્છાપણધરાવેછે. આશરે૨૫ હજારના ખર્ચે બનેલી મોદીની આ કલાત્મક કોતરકામ ડિઝાઈન ઉડીને આંખે વળગે તેવી બેનમૂન કારીગરી આંખોનેઅચંબિત કરીઆપે છે.

# બગસરા ખાતે રાષ્ટ્રપતી એવોર્ડ વિજેતા શિક્ષક તેમજ ગોલ્ડ પ્લેટીંગના પ્રણેતાનું સન્માન







ગુજરાતના સ્થાપના દિવસે ગોલ્ડ પ્લેટીંગ બિઝનેસને વિશ્વ ઓળખ આપનાર આપણા ગુજરાતી તુલસીભાઈ ભાનાણી પરિવારને તથા શિક્ષણક્ષેત્રે રાષ્ટ્રપતી એવોર્ડ વિજેતા ગિરધરભાઈ મારડીયાને ગુજરાતના ૬૪ માં સ્થાપના દિન નિમિતે બગસરા ખાતે સહકારી અગ્રણી નિતેષ ડોડીઆ સહિતનાં આગેવાનો દ્વારા સન્માનીત કરવામાં આવ્યા.

### ધર્મના આધારે અનામતનો ખેલ નહીં થાય : વડાપ્રધાન

# ગુજરાતમાં આપણે બધી સીટ જ નહીં એક-એક બુથ જીતવાના છે : મોદી

### ૨૦૧૪ પહેલા દેશમાં એવી સરકાર હતી જ્યાં ચારે તરફ આતંકવાદ અને ભ્રષ્ટાચાર હતો : બનાસકાંઠાના ડીસામાં ચૂંટણી સભાને સંબોધતા બોલ્યા મોદી

ડીસા, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બનાસકાંઠાના ડીસામાં ચૂંટણી સભાને સંબોધિત કરી કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. વડાપ્રધાને સંબોધનની શરૂઆતમાં કહ્યું હતું કે મા અંબાના ચરણોમાં આવીને ગુજરાતની પહેલી સભા છે. ગુજરાતે આપેલા સંસ્કાર આજે દિલ્હીમાં લેખે લાગ્યા છે. પીએમ તો દિલ્હીમા હોય ગુજરાતમાં નરેન્દ્રભાઈ જ હોય છે. તેમણે ગુજરાતના સ્થાપના દિવસની શુભકામનાઓ પાઠવી હતી. તેમણે કહ્યુ કે આજનો દિવસ નવા સંકલ્પ સાથેનો દિવસ છે. ૨૦૧૪માં દિલ્હીમાં મોકલીને દેશની સેવા કરવાનો અવસર આપ્યો હતો. ૨૦૧૪ પહેલા દેશમાં આતંકવાદના સમાચાર જ મળતા હતા. ૨૦૧૪ પહેલા દેશમાં ભ્રષ્ટાચારના સમાચાર જ મળતા હતા. ૨૦૧૪ પહેલા દેશ નિરાશામાં ડૂબેલો હતો. ૨૦૧૪ પહેલા દેશના યુવાનને ભવિષ્યની ચિંતા હતી. વડાપ્રધાને ફેક વીડિયોને લઈને કોંગ્રેસને પડકાર ફેંક્યો હતો. તેમણે કહ્યું કે હિંમત હોય તો સામેથી વાર કરો.

કોંગ્રેસના આરોપ પર વડાપ્રધાન મોદીએ દેશને ગેરન્ટી આપી હતી. તેમણે કહ્યું કે અનામતમાં કોઈ ફેરફાર થશે નહીં. જ્યાં સુધી મોદી છે ત્યાં સુધી અનામતની રક્ષા થશે. જ્યાં સુધી ભાજપ છે ત્યાં સુધી અનામતની રક્ષા થશે. કર્ણાટકમાં કોંગ્રેસે મુસ્લિમોનો [illegible]માં સમાવેશ કર્યો છે. કોંગ્રેસ દલિત, [illegible]નો હક છીનવવા માંગે છે. મોદી છે ત્યા સુધી ધર્મના આધારે અનામતનો ખેલ નહીં થાય. બંધારણના આધારે મળેલા અનામતમાં છેડછાડ થશે નહીં. અમારા સિવાય એકપણ પક્ષ ૨૭૨ ઉમેદવારને લડાવી રહ્યો નથી.ગાંધી પરિવાર પર વડાપ્રધાન મોદીએ નિશાન સાધતા કહ્યુ કે દિલ્હીમાં ગાંધી પરિવાર કોંગ્રેસને મત નહીં આપી શકે. દિલ્હીમાં કોંગ્રેસ આપ સાથે ગઠબંધ કર્યું છે. અહમદ પટેલનો પરિવાર કોંગ્રેસને મત નહીં આપી શકે. ભરુચમાં કોંગ્રેસે આપ સાથે ગઠબંધન કર્યુ છે. કોંગ્રેસના લોકો પર વિશ્વાસ કરી શકાય નહીં. કોંગ્રેસના લોકો ઘોષણા કરે, અનામતને હાથ નહીં લગાવીએ. કોંગ્રેસ પાસે મુદ્દા અને વિઝન નથી. કોંગ્રેસની હરકતોને મતદારોએ જવાબ આપ્યો છે.

વધુમાં તેમણે કહ્યું કે ૨૦૧૯માં કોંગ્રેસે ચોકીદાર ચોરનો નારો આપ્યો હતો. કોંગ્રેસે રાફેલની મજાક ઉડાવી હતી. ૨૦૧૯ બાદ કોંગ્રેસે સતત મોદીનું અપમાન કર્યું છે. કોંગ્રેસના શેહજાદાએ મોદી, [illegible] સમાજને ચોર કહ્યા હતા. ૨૦૨૪માં કોંગ્રેસ, ગઠબંધન જુઠ્ઠાણા ફેલાવી રહ્યા છે. અનામત ખતમ કરવાની કોંગ્રેસ અફવા ફેલાવી રહી છે. વિપક્ષના લોકો નકલી વીડિયો ફેલાવી રહ્યા છે. અનામત ખતમ કરવાની કોંગ્રેસ અફવા ફેલાવે છે.

ગુજરાતમાં ૭ મેએ લોકસભાની ૨૫ સીટો પર મતદાન થવાનું છે. ત્યારે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચૂંટણી સભા માટે ગુજરાતના પ્રવાસે આવ્યા હતા. પીએમ મોદીએ બનાસકાંઠામાં ચૂંટણી સભા સંબોધી હતી. પીએમ મોદીએ પોતાના સંબોધનની શરૂઆતમાં કહ્યું કે મા અંબાના ચરણોમાં આવીને ગુજરાતની પહેલી ચૂંટણી સભાનું સૌભાગ્ય મળ્યું છે. તેમણે કહ્યું કે સાથીઓ ગુજરાતની ધરતીએ મને જે સંસ્કાર આપ્યા જે શિક્ષણ આપ્યું અને ખુબ લાંબા ગાળા સુધી મને મુખ્યમંત્રી રાખીને તમે જે અનુભવની તક આપી તે આજે દિલ્હીમાં કામ લાગે છે.

પીએમ મોદીએ પૂર્વની સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે ૨૦૨૪ પહેલા દેશમાં એવી સરકાર હતી જ્યાં ચારે તરફ આતંકવાદ અને ભ્રષ્ટાચાર હતો. દેશમાં નિરાશાનો માહોલ હતો. તમે ગુજરાતના ભાઈ-બહેનોએ મને ૨૫ વર્ષથી સરકારમાં કામ કરતો જોયો છે. તેમણે કહ્યું કે દેશના સામર્થ્યનો હું એક પૂજારી બન્યો છું. ત્રીજી ટર્મમાં દેશને વિકસિત ભારત બનાવીશું. ત્રીજા ટર્મની સરકાર બને તે પહેલા ૧૦૦ દિવસના કામનો એક્શન પ્લાન બનાવી લીધો છે. ત્રીજા કાર્યકાળમાં ગરીબના કલ્યાણ અને ખેતીના કલ્યાણ માટે કામ કરીશું. પીએમ મોદીએ કહ્યું કે ગુજરાતની બધી સીટ જીતીને મને સંતોષ નથી, આપણે બધા પોલીંગ બુથ જીતવાના છે. તમારો એક મત ઉમેદવારને નહીં પરંતુ મને મળશે. ગુજરાતમાં કોંગ્રેસને એકવાર હરાવ્યા બાદ પરત ફરવા દીધી નથી. એક ચા વાળો અને એક ગુજરાતી દાળભાત ખાવાવાળો શું કરી શકે તે તમે દેખાડ્યું છે. બીજી ચૂંટણી આવી તો ૨૦૧૯માં ચોકીદાર ચોર અને મોદી ખૂનના સોદાગર કહેતા હતા. ૨૦૧૯ની ચૂંટણી પછી આ લોકોએ મોદીનું અપમાન કરવાનું શરૂ કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે આજે ગુજરાતનો સ્થાપના દિવસ આપણા બધા માટે નવા સંકલ્પનો દિવસ, નવી ઊર્જા માટેનો દિવસ અને એ નિમિતે આ વખતે આપણે સંકલ્પ લઈએ વિકસિત ભારત બનાવવા માટે વિકસિત ગુજરાત બનાવવામાં અમે કોઈ કમી નહિ રહેવા દઈએ. પીએમ મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યુ કે આ ચૂંટણીમાં હજુ ઓછી સીટો જીતશે. પ્રથમ બે તબક્કાના મતદાન પર કહ્યું કે રાજસ્થાનમાં કોંગ્રેસને એકપણ સીટ મળશે નહીં. આ લોકોની મહોબ્બતની દુકાન એ ફેક ફેક્ટરી છે. આ લોકોએ ફેક વીડિયોની દુકાન ખોલી છે. અનામત પર બોલતા પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ ધર્મના આધારે અનામત આપે છે. એસટી, એસસી અને ઓબીસીને જે અનામત કાયદામાં મળ્યું છે તે કોઈ છીનવી શકે નહીં. પીએમ મોદીએ કહ્યું કે મને ગુજરાતીએ મોટો કર્યો છે તો તમે ચિંતા ન કરો. તેમણે કહ્યું કે દેશના લોકોએ કાળી મજૂરી કરીને જે ટેક્સ આપ્યો છે તેને હું લૂંટાવા દઈશ નહીં. ગાંધી પરિવાર પર હુમલો કરતા કહ્યું કે આ ચૂંટણી એવી છે જેમાં ગાંધી પરિવાર કોંગ્રેસને જ મત આપી શકશે નહીં.

### અરજદારે કહ્યું- આડઅસરની તપાસ થવી જોઈએ

# કોવિશિલ્ડ વેક્સીનનો મામલો સુપ્રીમ પહોંચ્યો

### જેઓ રસીકરણના કારણે વિકલાંગ થઈ ગયા છે અથવા જેમનું મૃત્યુ થયું છે તેમના માટે વળતરની વ્યવસ્થા કરવામાં આવે

નવી દિલ્હી, તા.૧

કોવિશિલ્ડ અને એસ્ટ્રોજેનિકા રસીની તપાસની માંગણી કરતો મામલો બુધવારે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. આ અરજી સુપ્રીમ કોર્ટના વકીલ વિશાલ તિવારીએ દાખલ કરી હતી અને માંગણી કરી છે કે, તેની આડ અસરોની તપાસ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) અથવા દિલ્હીના નિષ્ણાત ડોક્ટરોની પેનલ દ્વારા કરાવવા માટે સૂચના આપવામાં આવે. આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશોએ નિષ્ણાત તબીબોની પેનલ પર નજર રાખવી જોઈએ.

સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં એવી માંગ કરવામાં આવી છે કે, જેઓ કોવિડ-૧૯ દરમિયાન રસીકરણ અભિયાનના પરિણામે ગંભીર રીતે વિકલાંગ બન્યા છે અથવા જેમનું મૃત્યુ થયું છે તેમના માટે વળતરની વ્યવસ્થા કરવામાં આવે. જણાવી દઈએ કે, આ અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે, હજુ સુધી એ નક્કી નથી થયું કે તેની સુનાવણી થશે કે નહીં. એસ્ટ્રાઝેનેકા કંપનીની કોવિડ વેક્સીનને કારણે બ્લડ ક્લોટ ડિસઓર્ડર અંગે ડૉક્ટરોએ મંગળવારે કહ્યું કે, તે એસ્ટ્રાઝેનેકાની કોવિડ રસીની દુર્લભ આડઅસર છે અને તેના ફાયદા જોખમો કરતા વધારે છે. તે અહેવાલો પછી આવ્યું છે કે, એસ્ટ્રાઝેનેકાએ કોર્ટના દસ્તાવેજોમાં પ્રથમ વખત સ્વીકાર્યું હતું કે તેની રસી, ઓક્સફર્ડ યુનિવર્સિટી સાથે ભાગીદારીમાં વિકસિત, દુર્લભ અને ગંભીર લોહીના ગંઠાવાનું જોખમ ઊભું કરી શકે છે.ઓક્સફોર્ડ-એસ્ટ્રાઝેનેકા કોવિડ રસી, ભારતમાં કોવિશિલ્ડ તરીકે અને યુરોપમાં વેક્સજાવરિયા તરીકે વેચવામાં આવે છે, તે એક સંશોધિત ચિમ્પાન્ઝી એડેનોવાયરસનો ઉપયોગ કરીને વિકસિત વાયરલ વેક્ટર રસી છે. કોવિશિલ્ડ, ભારતમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (SII) સાથે ભાગીદારીમાં ઉત્પાદિત અને માર્કેટિંગ, દેશમાં લગભગ ૯૦ ટકા ભારતીય વસ્તીને વ્યાપક રીતે સંચાલિત કરવામાં આવી હતી. ચેપી રોગના નિષ્ણાત ડૉ. ઈશ્વર ગિલાડાએ જણાવ્યું હતું કે, થ્રોમ્બોટિક થ્રોમ્બોસાયટોપેનિક સિન્ડ્રોમ (TTS) એ દુર્લભ પરંતુ અત્યંત ગંભીર પ્રતિકૂળ અસરો પૈકીની એક છે જે રસી-પ્રેરિત રોગપ્રતિકારક થ્રોમ્બોસાયટોપેનિક પુરપુરા (VITTP)ના ભાગરૂપે જોવા મળે છે. ઘટનાઓ ૫૦,૦૦૦ (૦.૦૦૨ ટકા) માં એક જેટલી ઓછી છે, પરંતુ મોટી વસ્તીમાં, આ સંખ્યા ઘણી મોટી બની જાય છે.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના નેશનલ કોવિડ-૧૯ ટાસ્ક ફોર્સના સહ-અધ્યક્ષ ડૉ. રાજીવ જયદેવને IANS ને જણાવ્યું હતું કે, TTS એ અસામાન્ય રોગપ્રતિકારક પ્રતિભાવને કારણે થતી અત્યંત દુર્લભ સ્થિતિ છે. જો કે આના ઘણા કારણો છે, તે એડેનોવાયરસ વેક્ટર રસીઓ સાથે પણ જોડાયેલું છે અને WHO એ ૨૭ મે ૨૦૨૧ ના રોજ તેના વિશે એક અહેવાલ પ્રકાશિત કર્યો છે.

ટેલિગ્રાફ અહેવાલ મુજબ, બ્રિટીશ-સ્વીડિશ બહુરાષ્ટ્રીય ફાર્માસ્યુટિકલ કંપનીએ યુકે કોર્ટના દસ્તાવેજોમાં પ્રથમ વખત સ્વીકાર્યું કે, તેની કોવિડ રસી દુર્લભ બ્લડ ક્લોટ ડિસઓર્ડરનું જોખમ ઊભું કરી શકે છે. ફાર્માસ્યુટિકલ જાયન્ટ સામે યુકે હાઈકોર્ટમાં લગભગ ૫૧ કેસ દાખલ કરવામાં આવ્યા છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, તેની કોવિડ રસી મૃત્યુ અને ગંભીર ઈજાનું કારણ બને છે. અહેવાલમાં જણાવાયું છે કે, પીડિત અને શોકગ્રસ્ત સંબંધીઓએ વળતરની માંગ કરી છે, જેનું મૂલ્ય ₤૧૦૦ મિલિયન જેટલું હોવાનો અંદાજ છે.

જો કે, એસ્ટ્રાઝેનેકા તે દાવાઓ સામે લડી રહી છે, ફેબ્રુઆરીમાં હાઈકોર્ટમાં સબમિટ કરાયેલા કાનૂની દસ્તાવેજમાં સ્વીકાર્યું હતું કે, તેની કોવિડ રસી ખૂબ જ દુર્લભ કિસ્સાઓમાં TTSનું કારણ બની શકે છે. TTSને કારણે લોકોમાં લોહીના ગંઠાવાનું નિર્માણ થાય છે અને લોહીમાં પ્લેટલેટ્સની સંખ્યા ઘટી જાય છે.

### NHAI લાવશે સેલ્ફ હીલિંગ ડામર

# રસ્તામાં તિરાડ આવે તો જાતે થઈ જશે રીપેર, નહીં પડે ખાડો

### રસ્તો બનાવતી વખતે જ આ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે, જે રસ્તામાં ખાડા પડતા અટકાવશે

નવી દિલ્હી, તા.૧

રસ્તા પર પડતા ખાડા દર વર્ષે હજારો મોત માટે જવાબદાર હોય છે. સમસ્યા એ આવે છે કે, એક વખત રસ્તા પર ખાડો પડી જાય તો તેને રીપેર કરવા માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે અને પછી સમારકામનું કામ શરૂ થાય છે. આ તમામ પ્રક્રિયાને પૂરી કરવામાં મહિનાઓ નીકળી જાય છે. પરંતુ હવે નેશનલ હાઈવે ઓથોરિટી (NHAI)એ એવી ટેક્નોલોજી શોધી કાઢી છે જેના દ્વારા રસ્તાઓ આપોઆપ રીપેર થઈ જશે. તે થોડું વિચિત્ર લાગે છે પરંતુ ટૂંક સમયમાં તમને આ ટેક્નોલોજી ભારતીય રસ્તાઓ પર જોવા મળશે.

NHAIનું કહેવું છે કે, રસ્તામાં 'સેલ્ફ હીલિંગ' ટેક્નોલોજી વિકસિત કરવા માટે નવા પ્રકારના ડામરનો ઉપયોગ કરવામાં આવશે. આ મામલે સબંધિત એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, રસ્તો બનાવતી વખતે જ આ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે, જે રસ્તામાં ખાડા પડતા અટકાવશે. પ્રથમ તો આ ટેક્નોલોજીના ઉપયોગથી રસ્તામાં જલ્દી તિરાડ નહીં પડશે. જો નાની-મોટી તિરાડ આવી જાય તો તે આપોઆપ રીપેર થઈ જશે અને મોટા ખાડા નહીં બનશે.અધિકારીનું કહેવું છે કે આ ટેકનીકના ઉપયોગથી રસ્તાઓ ઝડપથી ખરાબ નહીં થશે અને તેના કારણે તેને વારંવાર રીપેર કરવાનો ખર્ચ પણ બચશે. આ ઉપરાંત રિપેરિંગ કામ દરમિયાન વારંવાર ટ્રાફિકને રોકવો પડે છે અથવા ડાયવર્ટ કરવો પડે છે તો આ ટેક્નોલોજીથી આ સમસ્યામાંથી પણ છુટકારો મળી જશે. એનો અર્થ એ કે, ભવિષ્યમાં ટ્રાફિકને રોકવા કે ડાયવર્ટ કરવાની જરૂર નહીં પડશે. અધિકારીએ જણાવ્યું કે, રસ્તો બનાવતી વખતે સ્ટીલના પાતળા રેસા નાખવામાં આવશે જેમાં બિટુમિન જે એક પ્રકારનો ડામર હોય છે તેનો ઉપયોગ કરવામાં આવશે. રસ્તામાં તિરાડ પડતાની સાથે જ આ બિટુમિન ગરમ થઈને ફેલાઈ જશે અને ફરી કોંક્રિટ સાથે મળીને સ્ટીલના રેસાને જોડી દેશે. આ પ્રક્રિયાથી રસ્તા પર ખાડા નહીં પડશે. હાઈવે મિનિસ્ટ્રીના ડેટા પર નજર કરીએ તો વર્ષ ૨૦૨૨માં ખરાબ રસ્તાના કારણે થતા માર્ગ અકસ્માતોમાં ૨૨.૯%નો વધારો થયો છે. ૨૦૨૧માં જ્યાં ૩,૯૨૫ અકસ્માતો થયા હતા તો બીજી તરફ આ આંકડો ૨૦૨૨માં વધીને ૪,૪૪૬ પર પહોંચી ગયો હતો. આ અકસ્માતોમાં ૧,૮૦૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો હતો જે અગાઉના વર્ષ કરતાં ૨% વધુ હતો.

### કોંગ્રેસને વધુ એક ઝટકો

# બિનહરીફ જાહેર થયેલી સુરત બેઠકની અરજી કોર્ટે નકારી

### અરજી પર સુનાવણી કરવાનો HCએ કર્યો ઈન્કાર સાથે જ આ વિવાદ માટે ઈલેક્શન પિટિશન ફાઈલ કરવા કરી ટકોર

અમદાવાદ, તા.૧

ગુજરાત કોંગ્રેસને હાઈકોર્ટથી મોટો ઝટકો મળ્યો છે. સુરતથી ભાજપ ઉમેદવાર મુકેશ દલાલની બિનહરીફ જીતને પડકારતી PIL નકારવામાં આવી છે. અરજી પર સુનાવણી કરવાનો હાઈકોર્ટ દ્વારા ઈક્રાર કરવામાં આવ્યો છે. સાથે જ આ વિવાદ માટે ઈલેક્શન પિટિશન ફાઈલ કરવા ટકોર કરાઈ છે. અરજીમાં મતદારો મતદાનની વંચિત રખાયાનો મુદ્દો ઉઠાવાયો હતો. મહત્વનું છે કે, સુરતથી કોંગ્રેસના ઉમેદવાર કુંભાણીના ફોર્મમાં ટેકેદારોની સહી મિસમેચ થતા અને ટેકેદારો રહસ્યમય રીતે ગાયબ થતા ફોર્મ રદ થયું હતું. જે બાદ અન્ય ઉમેદવારોએ પણ ઉમેદવારી પાછી ખેંચતા ભાજપના મુકેશ દલાલ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. જે બાદ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેને કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં ફગાવી દીધી છે.

સુરત ભાજપાના ઉમેદવાર બિન હરીફ જાહેર થવા અંગેની જાહેરહિતની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે જાહેર હિતની અરજી સ્વીકારવાનો ઈક્રાર કર્યો છે. સુરતના અરજદાર ભાવેશ પટેલે જાહેરત હિતની અરજીમાં દાવો કર્યો હતો કે સુરતમાં મતદારોને નકારાત્મક મતનો વિકલ્પ અપાયો નથી. મતદારોને નોટાના અધિકારીથી વંચિત રખાયા છે. આ કારણે અરજદારે ભાજપના ઉમેદવારને બિન હરીફ કરવાના નિર્ણયને રદબાતલ કરવા માંગ કરી હતી

ભાજપના ઉમેદવાર મુકેશ દલાલના બિનહરીફ જાહેર કરવી દેવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી અરજીની સુનાવણી કરવા હઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા આગ્રવાલની ખંડપીઠે સ્પષ્ટ શબ્દોમાં ઈક્રાર કર્યો હતો. હાઈકોર્ટે આ બાબતે કહ્યું કે, બિનહરીફ જાહેર થયેલ ઉમેદવારને પણ મતગણતરીની પ્રક્રિયા મારફતે ચુંટાયેલા ઉમેદવાર સમાન જ ગણાય. આ અરજી જાહેરહિતની અરજીના નિયમોમાં આવતી નથી. હાઈકોર્ટે અરજદારને ટકોર કરી કે, આ માટે ઈલેક્શન પીટિશન દાખલ કરો. તેને પીઆઈએલ તરીકે સ્વીકારાશે નહિ. ઉલ્લેખનીય છે કે ગત અઠવાડિયે કોંગ્રેસે નિલેશ કુંભાણીને છ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા હતા. કોંગ્રેસ શિસ્ત સમિતિએ લાંબી ચર્ચા બાદ આ નિર્ણય લીધો છે. પૂરતો સમય આપ્યો હોવા છતાં નિલેશ કુંભાણીએ કોઈ ખુલાસા કર્યા નથી તેવુ શિસ્ત સમિતિએ જણાવ્યું. સમિતિએ જણાવ્યું કે, નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થવું એકમ નસીબ ઘટના છે. ફોર્મ રદ થવા અંગે નિલેશ કુંભાણીએ સંપૂર્ણ નિષ્કાળજી દાખવી છે. ભારતીય જનતા પાર્ટી સાથે તેમનું મેરાપીપણું દેખાયું. કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ સ્પષ્ટતા માટે સમય આપ્યો હોવા છતાં નિલેશ કુંભાણી ગાયબ થઈ ગયા હતા.

### બાબા રામદેવની સામે મુશ્કેલીઓ એકપછી એક વધી

# યોગ ગુરુ બાબા રામદેવ ને સુપ્રીમ કોર્ટ બાદ વધુ એક ફટકાર

### પતંજલિ ફૂડ્સને જીએસટી વિભાગ દ્વારા રૂપિયા ૨૭.૪૬ કરોડની વસૂલાત માટે નોટિસ પાઠવવામાં આવી

નવી દિલ્હી, તા.૧

યોગ ગુરુ બાબા રામદેવની સામે મુશ્કેલીઓ એકપછી એક વધી રહી છે . પતંજલિ આયુર્વેદ, તેના ઉત્પાદનો વિશે ખોટા દાવાઓ અને ભ્રામક જાહેરાતો માટે સુપ્રીમ કોર્ટ દ્વારા પહેલાથી જ તિરસ્કારનો સામનો કરી રહી છે ત્યારે બાબા રામદેવની કંપનીની બીજી પેટાકંપની મુશ્કેલીમાં હોવાનું જણાય છે. યોગ ગુરુ રામદેવ દ્વારા સ્થાપિત અગ્રણી FMCG કંપની પતંજલિ ફૂડ્સને GST ગુપ્તચર વિભાગ દ્વારા કારણ બતાવો નોટિસ આપવામાં આવી છે.ચંદીગઢમાં GST ઈન્ટેલિજન્સ ડાયરેક્ટોરેટ જનરલે ઈનપુટ ટેક્સ ક્રેડિટના ખોટા દાવાના કિસ્સામાં પતંજલિ ફૂડ્સ પાસેથી રૂ. ૨૭.૪૬ કરોડની વસૂલાત માટે નોટિસ જારી કરી હતી. કારણ બતાવો નોટિસમાં પતંજલિ ફૂડ્સને જણાવવામાં આવ્યું છે કે શા માટે રૂ. ૨૭.૪૬ કરોડની ઈનપુટ ટેક્સ ક્રેડિટ તેની પાસેથી વસૂલવામાં ન આવે. ઈનપુટ ટેક્સ ક્રેડિટમાં રૂ. ૨૦ કરોડની ગેરરીતિની તપાસ બાદ આ નોટિસ આપવામાં આવી છે. GST વિભાગ મુજબ, નકલી ITC દાવાઓના કિસ્સામાં, વ્યાજ સાથે ITC દાવાની રકમ સુધી દંડ લાદવામાં આવી શકે છે. કારણ બતાવો નોટિસ જારી કર્યા પછી, પતંજલિએ ગેરવાજબી દાવા સામે ૨૦ કરોડ જમા કરાવ્યા. જો કે, ખોટા ITC દાવો ૨૦ કરોડનો હતો, અને દંડની રકમ ૨૭.૫ કરોડ છે, જેના પરિણામે કુલ ૪૭.૫ કરોડનો દંડ થાય છે.

ગયા વર્ષે, રાજ્યના GST વિભાગોએ હરિદ્વારમાં પતંજલિની ૮ થી ૯ કંપનીઓમાં ખોટા ITC દાવાઓ પણ શોધી કાઢ્યા હતા. અહેવાલો અનુસાર, આ રકમ અંદાજે ૧૫ કરોડ છે જે રાજ્ય જીએસટી વિભાગ દ્વારા ટૂંક સમયમાં વસૂલવામાં આવનાર છે. ટેક્સમાં ગેરરીતિઓ અંગે પૂછપરછ કરતી વખતે, રાજ્યના ટેક્સ વિભાગે ગયા વર્ષે પતંજલિની પેટાકંપની કંપનીઓનો સર્વે અને જપ્તી ઝડપી કરી હતી.રાજ્ય સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં સબમિટ કરવામાં આવેલા સોગંદનામા મુજબ, તેણે પતંજલિ આયુર્વેદના ૧૪ ઉત્પાદનો, મુખ્યત્વે અસ્થમા, બીપી, ડાયાબિટીસ અને આંખની સમસ્યાઓ જેવી બિમારીઓની દવાઓ માટે ઉત્પાદન લાયસન્સ સસ્પેન્ડ કર્યું છે. આ કાર્યવાહીના જવાબમાં, પતંજલિના સૂત્રોએ જણાવ્યું હતું કે કંપની આ સસ્પેન્શન સામે કાનૂની માર્ગ અપનાવી શકે છે જેમાં ઉત્પાદનોની ગુણવત્તા અને અસરનેધ્યાનમાં રાખીને કોઈ નોંધપાત્ર આધાર નથી.

### વડાપ્રધાને હિંમતનગરમાં જાહેરસભા સંબોધી

# અમારી પાસે વીજળી-પેટ્રોલ બિલ ઝીરો કરવાની યોજના છે : વડાપ્રધાન મોદી

### વિશ્વ મને વડાપ્રધાન તરીકે ઓળખે છે પણ હું દેશનો સેવક છું

હિંમતનગર, તા.૧

લોકસભા ચૂંટણીના ધમધમાટ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની બે દિવસની મુલાકાતે છે. આજે તેમણે ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ડીસામાં ગુજરાત ચૂંટણી માટે ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કર્યા બાદ હિંમતનગરમાં જાહેરસભા સંબોધી. હિંમતનગરમાં તેમણે ભારત માતાની જયના નારા સાથે સંબોધન શરૂ કર્યું.

સાબરકાંઠાની વાત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, મારો સાબરકાંઠા સાથે ઘણો જૂનો સંબંધ છે. સાબરકાંઠામાં પેઢીઓ બદલાઈ ગઈ, છતાં તેમનો મારા પ્રત્યેનો પ્રેમ હજુ પણ એમનો એમ છે. તમારા આશીર્વાદના કારણે મને તમારા પર ખૂબ ભરોસો છે. કદાચ વિશ્વના લોકો મને વડાપ્રધાન તરીકે ઓળખતા હશે, પરંતુ દેશ માટે હું માત્ર સેવક છું. હું દેશવાસીઓ માટે સેવાનું વ્રત લઈને નીકળ્યો છું. હું અહીં અનેકવાર આવ્યો છું, પણ હું આજે તમારી પાસે કંઈ માંગવા માટે આવ્યો છે. જ્યારે સરકારી કાર્યક્રમો હોય છે, ત્યારે હું યોજનાઓ, શિલાન્યાસ, ઉદઘાટન કરવા આવતો હોઉ છું, પરંતુ આજે હું તમારી પાસે માંગવા આવ્યો છું. દેશ ચલાવવા મને સાબરકાંઠા પણ જોઈએ અને મહેસાણા પણ જોઈએ. મને ખાતરી છે કે, તમે બધા સાતમી તારીખે અભૂતપૂર્વ મતદાન કરીને ભારતીય જનતા પાર્ટીને વિજય બનાવશો.

વડાપ્રધાન મોદીએ વીજળી અને પેટ્રોલના ખર્ચ અંગે વાત કરતા કહ્યું કે, 'મારે બીજું પણ એક કામ કરવું છે. મારે તમારું વીજળીનું બિલ ઝીરો કરી દેવું છે. મારે તમારું પેટ્રોલનું બિલ પણ ઝીરો કરી દેવું છે. તમને થશે કે, આ શું થયું છે આજે સાહેબને. પણ આ વાતો હવામાં નથી સાહેબ. આપણી પાસે યોજના છે. આપણે પીએમ સૂર્ય ઘર યોજના નક્કી કરી છે અને આ યોજના અંતર્ગત સરકાર ૫૦, ૬૦ કે ૭૦ હજાર જેટલી જરૂર હોય એટલી રકમ આપે છે. તમારા ઘર ઉપર તમે સોલાર સિસ્ટમ ફિટ કરો

અને જે વીજળી પેદા કરો. તમારે જોઈએ તે તમે વાપરો અને વધારાની વીજળી સરકાર ખરીદશે. એમાંથી તમે કમાણી કરો. આજે તમે વીજળીનું બિલ ભરો છો. મોદી એવા દિવસો લાવશે કે તમે વીજળીમાંથી કમાણી કરશો. હવે જમાનો ઈલેક્ટ્રિક વ્હિકલનો આવવાનો છે. એટલે તમારી પાસે સ્કૂટર હોય કે કાર, તમારે ૧૦૦-૨૦૦નું પેટ્રોલ ભરાવવું પડશે. એટલે તમારા ઘરે વીજળી હોય તો તમારું વાહન રાત્રે ચાર્જ થઈ જશે. સવારે નીકળી પડો તો પણ તમને એક રૂપિયાનો પણ પેટ્રોલનો ખર્ચ નહીં. જો આવું થાય તો દેશના મધ્યમ વર્ગનું જીવન કેટલું બદલાઈ જશે. એ પૈસા તે પરિવારના કલ્યાણ માટે અને સપનાં પૂરા કરવા વાપરી શકશે.'

કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, 'કોંગ્રેસના લોકો દેશની પ્રજાને ડરાવતા હતા, તેઓ કહેતા કે રામ મંદિરનું નિર્માણ થશે તો આગ લાગી જશે, પરંતુ ભગવાન રામલલ્લાનું મંદિર શાનથી નિર્માણ થયું અને પ્રભુ શ્રી રામની પ્રાણપ્રતિષ્ઠા પણ થઈ અને ક્યાંક કોઈપણ લાગી નહી, ક્યાં વિવાદ થયો નહીં. કોંગ્રેસ મતો મેળવવા માટે લોકોને ડરાવતી રહે છે. આ તેનું ઉત્તમ ઉદાહરણ છે. આગ દેશમાં નહીં, પરંતુ કોંગ્રેસના દિલમાં લાગી છે, જેને કોઈપણ બુઝાવી નહીં શકે.વડાપ્રધાને આતંકવાદ મુદ્દે કોંગ્રેસને આડે હાથ લેતા જણાવ્યું કે, આજથી ૧૦ વર્ષ પહેલા આપણો દેશ આતંકવાદની આગમાં સળગી રહ્યો હતો. તે સમયે કોંગ્રેસને જાણ હતી કે, પાડોશી દેશ આતંકવાદીઓને એક્સપોર્ટ કરે છે, જોકે તે સમયે કોંગ્રેસ સરકાર એટલી નબળી હતી કે, ડોઝિયર મોકલતી હતી અને પાકિસ્તાનને કહેતી હતી કે, અમારા પર બોંબ કેમ ફેંકો છો. જોકે આજનું ભારત આતંકવાદીઓને ડોઝિયર નહીં, પરંતુ ડોઝથી જવાબ આપે છે, આજનું ભારત આતંવાદીઓને ઘરમાં ઘૂસીને મારે છે.ચૂંટણી આચાર સંહિતાના કારણે તેમનું રાત્રિરોકાણ રાજભવનના સ્થાને ગાંધીનગર સર્કિટ હાઉસમાં રખાયું છે. અગાઉ નક્કી થયા મુજબ વડાપ્રધાન ૨૨મી એપ્રિલે રાજકોટથી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરવાના હતા, પરંતુ ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના સામે ક્ષત્રિય સમાજના વિરોધને કારણે તેમના ચૂંટણી પ્રવાસ કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ વડાપ્રધાન ગુજરાતના મતદાર હોવાથી તેઓ મતદાન કરવા માટે ફરી છઠ્ઠી મેએ રાત્રિએ ગુજરાત આવશે.

### મોદીની આત્મા અહીં ભટકી રહી છે : શિવસેના

# કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૧૯ રૂપિયાનો ઘટાડો

### ઘરેલુ સિલિન્ડરના ભાવમાં આ મહિને કોઇ ફેરફાર થયો નથી

નવી દિલ્હી, તા.૧

લોકસભા ચૂંટણી ૨૦૨૪ વચ્ચે એલપીજી સિલિન્ડરના ગ્રાહકોને થોડી રાહત મળી છે. એલપીજી સિલિન્ડરના ભાવ ૧૯ રૂપિયા બુધવારે ઘટી ગયા છે. એલપીજીના રેટમાં ઘટાડો ફક્ત કોમર્શિયલ સિલિન્ડરમાં થયો છે. ઘરેલુ સિલિન્ડરના ભાવમાં આ મહિને કોઈ ફેરફાર થયો નથી.આઈઓસીના અનુસાર દિલ્હીમાં ૧૯ કિલોવાળા ઈન્ડેનના એલપીજી સિલિન્ડર એક મહિના એટલે કે આજથી ૧૭૬૪.૫૦ રૂપિયાની જગ્યાએ ૧૭૪૫.૫૦ રૂપિયામાં મળશે. માર્ચ ૧૭૯૫ રૂપિયા મળી રહ્યું છે. મુંબઈમાં હવે આ૧૭૧૭.૫૦ રૂપિયાના બદલે ૧૬૯૮.૫૦ રૂપિયામાં મળશે. ચેન્નાઈમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડર હવે ૧૯૩૦.૦૦ રૂપિયાના બદલે ૧૯૧૧ રૂપિયામાં ઉપલબ્ધ થશે, આગરાથી અગરતલા અને કાશ્મીરથી કન્યાકુમારી સુધીના ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં આજે કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.લખનમાં ઘરેલુ એલપીજી સિલિન્ડર ૮૪૦.૫ રૂપિયામાં મળશે. રાજસ્થાનના જયપુરમાં ઘરેલુ એલપીજી સિલિન્ડર ૮૦૬.૫૦ રૂપિયા છે, ગુરુગ્રામમાં ઘરેલુ સિલિન્ડરની કિંમત ૮૧૧.૫૦ રૂપિયા પર સ્થિર છે. પંજાબના લુધિયાણામાં ઘરેલુ સિલિન્ડરનો ભાવ ૮૨૯ રૂપિયા છે. બિહારના પટનામાં ઘરેલું સિલિન્ડર તેના જૂના ૯૦૧ રૂપિયાના દરે મળશે. આ પહેલાં મહિલા દિવસે મોદી સરકારે ઘરેલૂ સિલિન્ડરના ગ્રાહકોને મોટી ભેટ આપી હતી. આ દિવસે છ મહિનામાં બીજીવાર એલપીજી સિલિન્ડરના ભાવમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો હતો. રક્ષાબંધન પર એલપીજી સિલિન્ડરના ભાવમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કર્યા બાદ સરકારે માર્ચમાં ઘરેલુ સિલિન્ડરના ભાવ ૧૦૦ રૂપિયા ઓછા કરી દીધા હતા. ૧૪ કિલોવાળા સિલિન્ડર દિલ્હીમાં ૮૦૩ રૂપિયા થઈ ગયા. આજે પણ આ રેટ પર મળી રહ્યો છે.

### ૨ લાખ કરોડને પાર પહોંચ્યું GST કલેક્શન

# લોકસભા ચૂંટણી વચ્ચે કેન્દ્રની તિજોરી છલકાઇ

### GST (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) મોરચે એક નવો રેકોર્ડ

નવી દિલ્હી, તા.૧

GST (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) મોરચે એક નવો રેકોર્ડ બન્યો છે. હકીકતમાં, એપ્રિલ ૨૦૨૪માં અત્યાર સુધીમાં સૌથી વધુ [illegible] રેવન્યુ કલેક્શન થયું છે. આ આંકડો રૂ. ૨.૧૦ લાખ કરોડને પાર કરી ગયો છે. તમને જણાવી દઈએ કે વાર્ષિક ધોરણે કુલ આવકમાં ૧૨.૪%નો વધારો થયો છે.રિફંડ પછી નેટ GST ૧.૯૨ લાખ કરોડ રહ્યો. જેમાં વાર્ષિક ધોરણે ૧૭.૧%નો વધારો થયો છે. એપ્રિલ, ૨૦૨૪ના મહિનામાં કેન્દ્ર સરકારે IGST થી CGST ને ૫૦,૩૦૭ કરોડ અને SGST ને ૪૧,૬૦૦ કરોડની પતાવટ કરી હતી. તમને જણાવી દઈએ કે માર્ચ ૨૦૨૪માં GST રેવન્યુ કલેક્શન વાર્ષિક ધોરણે ૧૧.૫ ટકાના વધારા સાથે ૧.૭૮ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું.એપ્રિલ ૨૦૨૪ માટે GST કલેક્શનની વિગતો સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (CGST): ૪૩,૮૪૬ કરોડ સ્ટેટ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (SGST): ૫૩,૫૩૮ કરોડઈન્ટિગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (IGST): ૯૯,૬૨૩ કરોડ સેસ: ૧૩,૨૬૦ કરોડ

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે કુલ [illegible] કલેક્શન રૂ. ૨૦.૧૮ લાખ કરોડ હતું, જે અગાઉના વર્ષની રૂ. ૨૦ લાખ કરોડની આવક કરતાં વધુ છે, જે ૧૧.૭ ટકાનો વધારો દર્શાવે છે. આ નાણાકીય વર્ષમાં સરેરાશ માસિક કલેક્શન રૂ. ૧.૬૮ લાખ કરોડ રહ્યું છે, જે ગયા વર્ષની સરેરાશ રૂ. ૧.૫ લાખ કરોડ કરતાં વધુ છે.

### સીબીઆઈની ચાર્જશીટમાં ચોંકાવનારો ખુલાસો

# પોલીસકર્મીઓએ જ બે કુકી મહિલાઓને ટોળાને સોંપી હતી

## મણિપુરમાં ગયા વર્ષે ૪ મેની ઘટનાના લગભગ બે મહિના પછી જુલાઈમાં, સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો

મણિપુર, તા.૧

મણિપુરમાં કુકી-ઝોમી સમુદાયની બે મહિલાઓને પોલીસકર્મીઓ દ્વારા કથિત રીતે ટોળાને સોંપવામાં આવી હતી, જેમણે તેમને છીનવી લીધા હતા અને તેમની આસપાસ પરેડ કરી હતી. સીબીઆઈની ચાર્જશીટમાં આ માહિતી આપવામાં આવી છે. ન્યૂઝ એજન્સી અનુસાર, સીબીઆઈની ચાર્જશીટમાં કહેવામાં આવ્યું છે કે આ મહિલાઓએ કાંગપોકપી જિલ્લામાં પોલીસકર્મીઓના સરકારી વાહન (જિપ્સી)માં આશ્રય માંગ્યો હતો, પરંતુ તેઓએ બંને મહિલાઓને લગભગ ૧૦૦૦ મેઈતેઈ તોફાનીઓના ટોળાને સોંપી દીધી હતી. કહેવાય છે કે આ પછી બંને મહિલાઓને છીનવીને આસપાસ પરેડ કરવામાં આવી હતી. આ ઘટના રાજ્યમાં જાતિ હિંસા દરમિયાન બની હતી.ચાર્જશીટની વિગતો આપતા અધિકારીઓએ જણાવ્યું હતું કે પીડિત મહિલા પૈકી એક કારગિલ યુદ્ધમાં સેવા આપનાર સૈનિકની પત્ની હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે મહિલાઓએ પોલીસકમીઓને વાહનમાં સલામત સ્થળે લઈ જવા કહ્યું હતું, પરંતુ પોલીસકમીઓએ કથિત રીતે તેમને કહ્યું હતું કે તેમની પાસે વાહનની ચાવી નથી અને તેમણે કોઈ મદદ પણ કરી નથી.મણિપુરમાં ગયા વર્ષે ૪ મેની ઘટનાના લગભગ બે મહિના પછી જુલાઈમાં, સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો જેમાં જોઈ શકાય છે કે બે મહિલાઓને પુરુષોના ટોળાએ ઘેરી લીધા હતા અને તેમને નગ્ન કરીને પરેડ કરવામાં આવી રહી હતી. સીબીઆઈએ ગયા વર્ષે ૧૬ ઓક્ટોબરના રોજ ગુવાહાટીમાં સ્પેશિયલ જજ, સીબીઆઈ કોર્ટ સમક્ષ છ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી.ચાર્જશીટમાં જણાવાયું છે કે બંને મહિલાઓ રાઈફલ, SLR, INSAS અને .૩૦૩ રાઈફલ્સ જેવા અત્યાધુનિક હથિયારોથી સજ્જ લગભગ ૯૦૦-૧,૦૦૦ લોકોની ભીડથી બચવા ભાગી રહી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે સૈકુલ પોલીસ સ્ટેશનથી લગભગ ૬૮ કિમી દક્ષિણમાં, કાંગપોકપી જિલ્લામાં એક ટોળું બળપૂર્વક તેના ગામમાં પ્રવેશ્યું હતું.ટોળાથી બચવા માટે મહિલાઓ અન્ય પીડિતો સાથે જંગલમાં દોડી હતી, પરંતુ તોફાનીઓએ તેમને જોઈ લીધા હતા. અધિકારીઓએ જણાવ્યું કે ભીડમાંના કેટલાક લોકોએ મહિલાઓને મદદ લેવા માટે રસ્તાના કિનારે પાર્ક કરેલા પોલીસ વાહન પાસે જવા કહ્યું. બંને મહિલાઓ પોલીસ વાહનમાં પ્રવેશવામાં સફળ થઈ જેમાં બે પોલીસકમીઓ અને ડ્રાઈવર પહેલેથી જ બેઠેલા હતા, જ્યારે ત્રણ-ચાર પોલીસકમીઓ વાહનની બહાર હતા.એક પુરુષ પીડિત પણ વાહનની અંદર જવા માટે વ્યવસ્થાપિત થયો અને ડ્રાઈવરને તેમને સલામતી પર લઈ જવા માટે વિનંતી કરી, પરંતુ એમ પણ કહેવામાં આવ્યું કે ત્યાં કોઈ ચાવી નથી. પીડિતોમાંથી એકના પતિએ ભારતીય સેનામાં આસામ રેજિમેન્ટના સુબેદાર તરીકે સેવા આપી હતી. ઝૈમ્નો આરોપ છે કે પોલીસે ટોળાના હુમલાથી વાહનમાં બેઠેલા વ્યક્તિના પિતાને બચાવવામાં પણ મદદ કરી નથી.

### મની લોન્ડરિંગ કેસ

# EDએ કોંગ્રેસના ધારાસભ્ય ધરમ સિંહના પુત્ર સિકંદર સિંહની ધરપકડ કરી

## માહિરા હોમ્સે નિયમોની અવગણના કરીને પ્રોજેક્ટના RERA ખાતામાંથી મોટા ભાગના નાણાં પોતાના અંગત ખાતામાં ટ્રાન્સફર કરી છેતરપિંડી કરી

નવી દિલ્હી, તા.૧

મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ રિયલ એસ્ટેટ ક્ષેત્રની કંપની માહિરા હોમ્સના ડિરેક્ટર સિકંદર સિંહ છોકરની ધરપકડ કરી હતી. સિકંદર સિંહ છોકર સામખાના કોંગ્રેસના ધારાસભ્ય ધરમ સિંહ છોકરના પુત્ર છે. માહિરા હોમ્સના પાંચ પ્રોજેક્ટની તપાસ કરતી વખતે EDએ રૂ. 100 કરોડથી વધુની છેતરપિંડીના કેસની તપાસ કરી હતી. જેમાં ઘણા લક્ઝરી વાહનો પણ ED દ્વારા જપ્ત કરવામાં આવ્યા હતા. સિકંદર ફરાર હતો. આ છેતરપિંડીમાં સિકંદર છોકર મુખ્ય આરોપી છે.વાસ્તવમાં, માહિરા હોમ્સ પાસે ગુરુગ્રામના વિવિધ ક્ષેત્રોમાં પરવડે તેવા પ્રોજેક્ટ્સ છે, જેમાં સેંકડો રોકાણકારોએ કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હતું. માહિરા હોમ્સે તમામ પૈસા RERA ખાતામાં જમા કરાવ્યા અને આ પછી, માહિરા હોમ્સે નિયમોની અવગણના કરીને પ્રોજેક્ટના RERA ખાતામાંથી મોટા ભાગના નાણાં પોતાના અંગત ખાતામાં ટ્રાન્સફર કરી છેતરપિંડી કરી. ED અને અન્ય તપાસ એજન્સીઓ આ કેસની તપાસમાં સામેલ હતી. આ કેસમાં EDએ સિકંદર છોકરની ધરપકડ કરી છે અને કેસની તપાસ શરૂ કરી છે.આપને જણાવી દઈએ કે સુપ્રીમ કોર્ટના નિર્દેશો પર EDએ 12 એપ્રિલે પોતાની ઓફિસમાં ધરમ સિંહ છોકરની કેટલાંક કલાકો સુધી પૂછપરછ કરી હતી. સિકંદર સિંહ છોકર પર એલોટીઓના નાણાંનો દુરુપયોગ અને ગેરરીતિનો આરોપ છે. ગયા વર્ષે જુલાઈમાં EDએ માહિરા ગ્રૂપના ડિરેક્ટરો વિરુદ્ધ કાર્યવાહી કરતી વખતે ગ્રૂપ અને તેના ડિરેક્ટર્સની 360 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી હતી.

### સેટેલાઇટ તસવીરોમાં દેખાયા ધુમાડાના વાદળ

# ઉત્તરાખંડના જંગલોમાં લાગેલી આગ અવકાશમાંથી પણ દેખાય છે

## ઉત્તરાખંડમાં હાલના હીટવેવને કારણે વધતી જતી શુષ્કતાને કારણે લાગેલી આગમાં લગભગ ૧૦૦ હેક્ટર જંગલ બળીને રાખ થઈ ગયું છે

ઉત્તરાખંડ, તા.૧

ઉત્તરાખંડમાં હાલના હીટવેવને કારણે વધતી જતી શુષ્કતાને કારણે લાગેલી આગમાં લગભગ ૧૦૦ હેક્ટર જંગલ બળીને રાખ થઈ ગયું છે. આ જંગલની આગ એટલી મોટી અને ભયંકર છે કે તેમાંથી કેટલીક જગ્યામાંથી પણ જોઈ શકાય છે. યુરોપીયન સ્પેસ એજન્સીના સેન્ટીનેલ-૨ સેટેલાઈટ દ્વારા લેવામાં આવેલી તસવીરોમાં રાજ્યના અનેક વિસ્તારોમાં ધુમાડાની સાથે વિશાળ આગ જોઈ શકાય છે. સોમવારે જાહેર કરાયેલા સત્તાવાર મૂલ્યાંકન મુજબ, ૨૭ એપ્રિલ, શનિવારના રોજ શરૂ થયેલી જંગલની આગમાં ૮૧૪ હેક્ટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલા વૃક્ષો અને વન્યજીવો બળીને રાખ થઈ ગયા છે.આગ સતત ભભૂકી રહી છે અને ઘણા વિસ્તારોમાં ફેલાઈ ગઈ છે. સોમવારે સવારે ૧૧ વાગ્યાથી મંગળવારે સવારે ૧૦ વાગ્યાની વચ્ચે યુએસ સ્પેસ એજન્સી નાસાના એક્વા અને ટેરા ઉપગ્રહો પર મોડીસ સેન્સર દ્વારા ઉત્તરાખંડમાં ઓછામાં ઓછી ૪૦ સક્રિય આગ જોવા મળી છે. છેલ્લા ૨૪ કલાકમાં FSI દ્વારા શોધાયેલ કુલ સક્રિય આગમાંથી, ૧૦ને 'મુખ્ય' તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે.નૈનીતાલ અને અલમોડામાં હળવા વરસાદને કારણે કુમાઉ પ્રદેશમાં ફાટી નીકળેલી જ્વાળાઓ શમી ગઈ હતી. પૌરી ગઢવાલ જિલ્લામાં જ્યાં બે મોટી આગ લાગી છે ત્યાં પણ વરસાદ પડ્યો છે. અધિકારીઓનું કહેવું છે કે સોમવાર સાંજથી રાજ્યમાં કોઈ નવી મોટી આગની જાણ થઈ નથી. અધિકારીઓએ જણાવ્યું કે બાગેશ્વર જિલ્લામાં જંગલમાં આગ સતત સળગી રહી છે પરંતુ તે કાબૂમાં છે. સત્તાવાર મૂલ્યાંકન મુજબ, આગ મુખ્યત્વે કુમાઉ રેન્જમાં કેન્દ્રિત છે.આ પહેલા શનિવારે ઈન્ડિયન એરફોર્સ ના હેલિકોપ્ટરની મદદથી નૈનીતાલ-ભોવલી રોડ પર લાડિયાકાટા અને પાઈન્સ વિસ્તારમાં જંગલમાં લાગેલી આગને ઓલવી લેવામાં આવી હતી. શુક્રવારે નૈનીતાલ હાઈકોર્ટ કોલોની અને એરફોર્સ બેઝની નજીક પહોંચ્યા પછી આગને કાબૂમાં લેવા માટે એક Mi-17 IAF હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યું હતું.સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા મુજબ, કુમાઉના મુખ્ય વન સંરક્ષક પ્રસન્ન કુમાર પાત્રોએ નેપાળની સરહદે ઉત્તરાખંડના ચંપાવત અને નૈનીતાલ જિલ્લાના નીચાણવાળા વિસ્તારોમાં ગરમીની લહેરોને કારણે જંગલમાં આગની ઘટનાઓમાં વધારો થયો છે. ગઢવાલના ડીએફઓ અનિરુદ્ધ સ્વપ્રીલે પૌરીમાં પત્રકારોને જણાવ્યું હતું કે વન વિભાગના કર્મચારીઓ જંગલમાં આગ વિશે જાગૃતિ ફેલાવવા માટે પહાડીઓમાં ગામડે ગામડે જઈ રહ્યા છે.

### મિસાઈલ સિસ્ટમમાં અનેક અદ્યતન પેટા સિસ્ટમનો સમાવેશ થાય છે

# DRDO મારફતે દરિયાકિનારે મિસાઈલનું સફળ પરિક્ષણ

## ડો. એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી સફળતાપૂર્વક ફલાઉટ-પરિક્ષણ કરવામાં આવ્યું હતું

નવી દિલ્હી, તા.૧

સુપરસોનિક મિસાઈલ-આસિસ્ટેડ રિલીઝ ઓ ટોર્પિડો સિસટમનું ૧ મે, ૨૦૨૪ના રોજ અંદાજે ૦૮૩૦ વીગ્યે ઓરિસ્સાના દરિયાકિનારા સ્થિત ડો.એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી સફળતાપૂર્વક ફ્લાઉટ-પરિક્ષણ કરવામાં આવ્યું હતું.

SMART S એ નેક્સ્ટ જનરેશન મિસાઈલ આધારિત લાઈટ-વેઈટ ટોર્પિડો ડિલીવરી સિસ્ટમ છે., જે ડિફેન્સ રિસર્ચ એન્ડ ટોર્પિડો ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા ભારતીય નૌકાદળની એન્ટિ-સબમરીન યુધ્ધ ક્ષમતાને હળવા વજનના ટોર્પિડોની પરંપરાગત શ્રેણીથી ઘણી આગળ વધારવા માટે ડિઝાઈન વિકસાવવામાં આવી છે. આ કેનિસ્ટર આધારિત મિસાઈલ સિસ્ટમમાં અનેક અદ્યતન પેટા સિસ્ટમનો સમાવેશ થાય છે. જેમકે બે સ્ટેજ સોલિડ પ્રોપલ્શન સિસ્ટમ, ઈલેક્ટ્રોમિકેનિકલ એક્યુએટર સિસ્ટમ, પ્રિસીઝન ઈન્શિયલ સિસ્ટમ વગેરે.

આ સિસ્ટમ પેરાશૂટ આધારિત રિલીઝ સિસ્ટમની સાથે પેલોડ તરીકે અદ્યતન હળવા વજનના ટોર્પિડોને વહન કરાવે છે.મિસાઈલને ગ્રાઉન્ડ મોબાઈલ લોન્ચરથી લોન્ચ કરવામાં આવી હતી. આ પરિક્ષણમાં સપ્રમાણ વિભાજન, ઈજેક્શન અને વેગ કંટ્રોલ જેવી કેટલીક અત્યાધુનિક મિકેન્ઝમ્સને માન્ય કરવામાં આવી છે.

રક્ષા મંત્રી રાજનાથ સિહે SMART ના સફળ ફ્લાઈટ-ટેસ્ટ માટે DRDO અને ઉદ્યોગના ભાગીદારોને અભિનંદન આપ્યા છે.. તેમણે કહ્યું કે પ્રણાલીનો વિકાસ આપણી નૌકાદળની શક્તિને વધુ વધારશે.ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ અને R & D ના સચિવ તેમજ DRDO ના અધ્યક્ષ ડો.સમીર વી કામતે સમગ્ર SMART ટીમના સિનર્જિસ્ટીક પ્રયાસોની પ્રશંસા કરી હતી અને તેને શ્રેષ્ઠતાના માર્ગે આગળ વધવાના નિર્દેશ આપ્યા હતા.

### જજે ઉલ્લંઘન માટે ૯૦૦૦ ડોલરનો દંડ ફટકાર્યો

# ડોનાલ્ડ ટ્રમ્પ 'કોર્ટની અવમાનના'માં દોષિત

## નેશનલ એન્ક્વાયરર મેગેઝિનના પ્રકાશક ડેવિડ પેકરે તાજેતરમાં ભૂતપૂર્વ યુએસ પ્રમુખ ટ્રમ્પ વિરુદ્ધ જુબાની આપી હતી

નવી દિલ્હી, તા.૧

ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓ સતત વધી રહી છે. હશ મની (કેસ છુપાવવા માટે આપવામાં આવેલી લાંચ) કેસની સુનાવણી કરતા ન્યાયાધીશે ભૂતપૂર્વ યુએસ પ્રમુખને ગેગ ઓર્ડર (વિચારણા હેઠળના કેસમાં નિવેદનો આપવા પર પ્રતિબંધ) ના ઉલ્લંઘન માટે દોષિત ઠેરવ્યા અને તેમના પર $ ૯૦૦૦ (૭.૫૦ લાખ) નો દંડ લાદ્યો. ૧ રુપિયાનો દંડ ફટકાર્યો હતો અને ચેતવણી આપી હતી કે જો તે આવું પુનરાવર્તન કરશે તો તેને જેલમાં જવું પડી શકે છે. કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પને સાક્ષીઓ, ન્યાયાધીશો અને હશ મની કેસ સાથે સંબંધિત અન્ય બાબતો વિશે જાહેર નિવેદનો કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો.ટ્રમ્પ પર ૧૦ વખત ગેગ ઓર્ડરનું ઉલ્લંઘન કરવાનો આરોપ લાગ્યો હતો. જો કે, ન્યાયાધીશ જુઆન એમ. મર્ચને તેને નવ વખત કોર્ટના આદેશોનું ઉલ્લંઘન કરવા બદલ દોષી ઠેરવ્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પ વિચારણા હેઠળના મામલામાં નિવેદન આપતા હતા અને કહેતા હતા કે તેઓ તેમના ભાષણના સ્વતંત્ર અધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે અમેરિકામાં આ વર્ષના અંતમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવા જઈ રહી છે, જેના માટે ડોનાલ્ડ ટ્રમ્પ પણ પોતાનો દાવો રજૂ કરી રહ્યા છે. અમેરિકન એજન્સીઓના તાજેતરના સર્વેમાં વર્તમાન પ્રમુખ જો બિડેન અને ટ્રમ્પ વચ્ચે સીધી સ્પર્ધા જોવા મળી છે.નેશનલ એન્ક્વાયરર મેગેઝિન પબ્લિશર ડેવિડ પેકરે તાજેતરમાં ભૂતપૂર્વ યુએસ પ્રમુખ ટ્રમ્પ વિરુદ્ધ જુબાની આપી હતી. પેકરે કોર્ટને કહ્યું કે તેણે ૨૦૧૬ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પને મદદ કરવા માટે તેના ટેબ્લોઈડનો ઉપયોગ કરવા માટે એક ગોપનીય કરાર કર્યો હતો. હશ મની કેસમાં ડેવિડ પેકર પ્રથમ સાક્ષી છે. પેકરના જણાવ્યા અનુસાર, તેમણે ૨૦૧૫માં ટ્રમ્પને કહ્યું હતું કે નેશનલ એન્ક્વાયરર તેમના વિશે સકારાત્મક કવરેજ આપશે.ડેવિડ પેકરે પણ કબૂલ્યું હતું કે તેણે પોતાના મેગેઝિન દ્વારા ન્યૂયોર્ક સેક્સ સ્કેન્ડલને દબાવવાનો પ્રયાસ કર્યો હતો. તમને જણાવી દઈએ કે ડોનાલ્ડ ટ્રમ્પ આ કેસમાં આરોપી છે. કોર્ટે સ્વીકાર્યું છે કે આ બાબતને દબાવીને રાષ્ટ્રપતિની ચૂંટણીને પ્રભાવિત કરવામાં આવી હતી. ૨૦૨૪ ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ પર પુખ્ત ફિલ્મ અભિનેત્રી સ્ટોમી ડેનિયલ્સને તેમના ગેરકાયદેસર સંબંધો વિશે મૌન રાખવાના બદલામાં $ ૧૩૦,૦૦૦ ની લાંચ આપવાનો આરોપ છે. તેના પર આ રકમની ચૂકવણી છુપાવવા માટે બિઝનેસ રેકોર્ડ ખોટા કરવાનો પણ આરોપ છે.ડોનાલ્ડ ટ્રમ્પે કોર્ટમાં નિર્દોષ હોવાનો દાવો કર્યો છે અને સ્ટોમી ડેનિયલ્સ, જેનું સાચું નામ સ્ટેફની ક્લિફોર્ડ છે તેની સાથે કોઈ જાતીય સંબંધ હોવાનો ઈનકાર કર્યો છે. ભૂતપૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ વિરુદ્ધ આ પ્રકારનો આ પહેલો કેસ છે.

### ઓસ્ટ્રેલિયાના મીડિયાએ દાવો કર્યો

# જાસૂસીના આરોપસર ઓસ્ટ્રેલિયામાંથી બે ભારતીયોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા

## આ જાસૂસો ઓસ્ટ્રેલિયાના વેપાર સંબંધો સાથે જોડાયેલી ગુપ્ત માહિતી પણ ચોરી રહ્યા હતા

નવી દિલ્હી, તા.૧

ઓસ્ટ્રેલિયાએ ૨૦૨૦માં બે ભારતીય જાસૂસોને દેશમાંથી હાંકી કાઢ્યા હતા. તેના પર દેશની સુરક્ષા સાથે જોડાયેલી ગુપ્ત માહિતીની ચોરી કરવાનો આરોપ હતો. આરોપ હતો કે તેઓ ઓસ્ટ્રેલિયાના ગુપ્તચર સંરક્ષણ પ્રોજેક્ટ્સ અને એરપોર્ટ સુરક્ષા સંબંધિત માહિતી ચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.ધ ઓસ્ટ્રેલિયન અને ધ સિડની મોર્નિંગ હેરાલ્ડના અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે આ કેસમાં બે ભારતીયોને દેશમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. પરંતુ ભારતે આ અહેવાલો પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. એબીસીના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતીય જાસૂસોને દેશના સંરક્ષણ પ્રોજેક્ટ્સ અને એરપોર્ટ સુરક્ષા સાથે સંબંધિત ગુપ્તચર દસ્તાવેજોની ચોરી કરતા પકડાયા બાદ ઓસ્ટ્રેલિયામાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. આ જાસૂસો ઓસ્ટ્રેલિયાના વેપાર સંબંધો સાથે જોડાયેલી ગુપ્ત માહિતી પણ ચોરી રહ્યા હતા.તમને જણાવી દઈએ કે ઓસ્ટ્રેલિયા સિક્યોરિટી ઈન્ટેલિજન્સ ઓર્ગેનાઈઝેશન એ ૨૦૨૦માં કહેવાતા વિદેશી જાસૂસોના એક જૂથનો પર્દાફાશ કર્યો હતો. આ જાસૂસો ઓસ્ટ્રેલિયામાં રહેતા ભારતીયો પર પણ ઝીણવટભરી નજર રાખતા હતા અને દેશના વર્તમાન અને ભૂતપૂર્વ નેતાઓ સાથે સંબંધો બાંધવામાં વ્યસ્ત હતા. આ દાવાઓ ઓસ્ટ્રેલિયન અખબારોમાં વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ પછી કરવામાં આવી રહ્યા છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે ભારતીય ગુપ્તચર એજન્સી RAWનો એક અધિકારી ગયા વર્ષે અમેરિકન ધરતી પર શીખ ઉગ્રવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કાવતરામાં સામેલ હતો. આ અંગે ભારતે મંગળવારે કહ્યું હતું કે વોશિંગ્ટન પોસ્ટે આટલા ગંભીર મામલામાં બિનપુરવાર આરોપ લગાવ્યા છે.વોશિંગ્ટન પોસ્ટના રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે RAWના બે અધિકારીઓને પણ ૨૦૨૦માં ઓસ્ટ્રેલિયામાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. એબીસીના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ASIO ના ડાયરેક્ટર જનરલ માઈક બર્ગેસે ૨૦૨૧માં પહેલીવાર કબૂલ્યું હતું કે જાસૂસી જૂથનો પર્દાફાશ થયો છે પરંતુ તે સમયે તેમણે આ પ્રવૃત્તિ પાછળ કયો દેશનો હાથ છે તે જણાવ્યું ન હતું.બર્ગેસે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે જાસૂસોએ દેશના નેતાઓ, વિદેશી દૂતાવાસ અને રાજ્ય પોલીસ સેવા સાથે પસંદગીપૂર્વક નજીકના સંબંધો વિકસાવ્યા હતા. તેણે ઓસ્ટ્રેલિયામાં રહેતા વિદેશી નાગરિકો પર નજર રાખી હતી. તેણે ઓસ્ટ્રેલિયાના વેપાર સંબંધો વિશે ગુપ્ત માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો.

### પાટીલે પોતાના મત વિસ્તારમાં પ્રચાર શરુ કર્યો

# સી આર પાટીલે જલાલપોર અને નવસારીના ૨૨ ગામોમાં ઝંઝાવાતી પ્રચાર શરૂ કર્યો

## નરેન્દ્ર મોદીના શાસનકાળમાં મહિલાઓનાં નેતૃત્વમાં વધારો થયાનો તેમણે દાવો કર્યો હતો

નવસારી, તા.૧

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ સી આર પાટીલ નવસારીથી ઉમેદવારીઓ કરી રહ્યા છે. ગત લોકસભા ચૂંટણીમાં રેકોર્ડબ્રેક મતના તફાવતથી વિજય મેળવનાર પાટીલે પોતાના મત વિસ્તારમાં પ્રચાર શરુ કર્યો છે. જલાલપોર અને નવસારીના ૨૨ જેટલા ગામોમાં પાટીલનો પ્રચાર શરૂ થયો છે.આગામી ૭ દિવસમાં કાર્યકરો સાથે જીલ્લાના દરેક મતદારો સુધી પહોંચવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

૧૩ જેટલા માઈનસ બુથોને પ્લસ કરવાનું લક્ષ્યાંક નક્કી કરી ભાજપ પ્રદેશ અધ્યક્ષ ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. સી. આર. પાટીલની સભા હતી. નવસારીના ટાટા હોલ ખાતે યુવા સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું જે અવસરે PM મોદીના શાસનકાળના પાટીલે વખાણ કર્યા હતા. નરેન્દ્ર મોદીના શાસનકાળમાં મહિલાઓનાં નેતૃત્વમાં વધારો થયાનો તેમણે દાવો કર્યો હતો.આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયાની વાત કરતા તેમણે PM મોદીને દીર્ઘદ્રષ્ટા ગણાવ્યા હતા.

### હરિપ્રસાદ સ્વામીની વારસાઈ પર ન્યૂઝીલેન્ડ કોર્ટનો ચુકાદો

# સોખડા મંદિરની જવાબદારીઓ હરિપ્રબોધમ પરિવાર સંભાળશે

## વિદેશની ધરતી પર ચાલી રહેલી સોખડા મંદિરના સંતોનો વિવાદની લડાઈમાં હરિપ્રભોધમ પરિવારની જીત

વેલિંગ્ટન, તા.૧

હરિધામ સોખડાને ગુજરાતના ટોચના તીર્થક્ષેત્ર બનાવનાર હરિપ્રસાદ સ્વામીના બ્રહ્મલીન થયા બાદ છેલ્લા ઘણા સમયથી સંતોના બે જૂથ વચ્ચે ગાદી અને મંદિરના વહીવટને લઈને વિવાદ ચાલી રહ્યો છે. જેમાં એક તરફ બ્રહ્મલીન હરિપ્રસાદ સ્વામીના ગુરૂભાઈ પ્રેમસ્વરૂપ સ્વામી છે તો બીજી તરફ હરિપ્રસાદ સ્વામીના શિષ્ય પ્રબોધ સ્વામી છે. સોખડા સ્વામિનારાયણ મંદિરના નવા ગાદીપતિ તરીકે પ્રેમસ્વરૂપદાસ સ્વામીની નિમણૂંક કરવામાં આવી હતી. ત્યારે બે સ્વામીનારાયણ સંતોની આધ્યાત્મિક વારસાની લડાઈ વિદેશની કોર્ટમાં પણ ચાલી રહી હતી. ન્યૂઝીલેન્ડની કોર્ટમા ચાલી રહેલા લડાઈના અંતે આખરો ચુકાદો હરિપ્રબોધ પરિવારના તરફે આવ્યો છે.

સોખડા સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક હરિપ્રસાદ સ્વામી પહેલા બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા સાથે જોડાયેલા હતાં. તેમણે વર્ષ ૧૯૭૧માં સોખડા ખાતે પ્રથમ ૫ સંતોને દીક્ષા આપીને સંપ્રદાયની શરૂઆત કરી હતી. જો કે, જુલાઈ ૨૦૨૧માં હરિપ્રસાદસ્વામીના નિધન બાદ તેમના વારસદારની નિમણૂક માટે ૨ સંતો જેમાં પ્રબોધ સ્વામી અને પ્રેમ સ્વામી ના સમર્થકોએ પોતપોતાના ગુરૂને દાવેદાર તરીકે રજૂ કરતાં વિવાદ થયો હતો. આ વિવાદ એટલી હદે વકર્યો છે કે હવે ૧૫૦ મોટા સંતોમાં પણ ભાગલા પડી ગયા છે અને મુખ્ય ગુરૂની ગાદી માટે પ્રબોધસ્વામી અને પ્રેમસ્વામીના ભકતો ૨ જૂથમાં વહેંચાઈ ગયા છે.

ઉલ્લેખનીય છે કે સવા બે વર્ષ સુધી ચાલેલા કેસના અંતે હરિપ્રબોધ જૂથના સત્સંગીઓનો વિજય થયો છે. ન્યુઝીલેન્ડ યોગી ડિવાઈન સોસાયટી ટ્રસ્ટની તમામ સંસ્થાકીય અને વહીવટી જવાબદારી હરિપ્રભોધમ પરિવાર ન્યુઝીલેન્ડ સંભાળશે. ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૧ થી બે સંતો વચ્ચે ન્યુઝીલેન્ડ હાઈકોર્ટમાં કાયદાકીય તકરાર ચાલી રહી હતી.

# સાવરકુંડલામાં કોંગી ઉમેદવાર જેની ઠુંમરનાં ચૂંટણી કાર્યાલયનો દબદબાભેર પ્રારંભ



અમરેલી જિલ્લા કોંગ્રસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત અમરેલી–મહુવા–ગારીયાધાર મત વિસ્તારમાં કોંગ્રેસના શિક્ષીત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મરના સમર્થનમાં સાવરકુંડલા–લીલીયા વિસ્તારમાં ઝંઝાવતી પ્રચાર કાર્યકરી રહ્યા છે. ત્યારે સાવરકુંડલા કોંગ્રેસ કાર્યાલયનું ઉદઘાટન મુરબ્બી ધીરૂભાઈ દુધ વાળાના હસ્તે કરવામાં આવ્યુ હતુ. આ તકે શહેર કોંગ્રેસપ્રમુખ હસુભાઈ સુચક, તાલુકા કોંગ્રેસ પ્રમુખ દેવાણી, ચંદ્રેશભાઈ રવાણી, હાર્દિકભાઈ કાનાણી, ભરતભાઈ ગીડા સહિત વિશાળ સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા. આ તકે ગ્રામ્ય વિસ્તારમાં જેનીબેનનું ઠેર–ઠેર સ્વાગત અને મામેરૂ ભરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત લીલીયા અને સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તારના પ્રવાસે પ્રતાપ દુધાતે ઝંઝાવતી પ્રચાર કર્યો હતો જેમાં બહેનોને વિનંતી કરી હતી કે મત દેવા જાવ ત્યારે ગેસના બાટલાને હાથ જોડીને જજો. આજે યુવાનો બેકાર છે, ખેડૂતોને ખાતર–બિયારણ મોંઘા થયા છે ત્યારે ખેડૂતોની હાલત કફોડી છે. ત્યારે લોકો જોઈ અને વિચારીને મત આપે તેવી મારી વિનંતી છે. પ્રતાપભાઈ દુધાત સાથે સાવરકુંડલા તાલુકા પ્રમુખ દેવાણી, લીલીયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ખોડાભાઈ માળવીયા, નિતીનભાઈ ત્રિવેદી, કાંતિભાઈ ડુંગરીયા, વિજયભાઈ કોગથીયા, ભીખાભાઈ દેવાણી, જીવરાજભાઈ પરમાર, રમેશભાઈ પરમાર, જેનીસભાઈ, દકુભાઈ બુટાણી, મથુરભાઈ સાવજ, નાથાભાઈ સાવજ, જેન્તીભાઈ ગઢવી, ભનુભાઈ દુધાત, નિતીનભાઈ ડુંગરીયા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ જગદીશભાઈ દેથલીયા, બહાદુરભાઈ બેરા, સામતભાઈ ચોથાભાઈ રાજુભાઈ, દિનેશભાઈ હાથીગઢ, ભોળાભાઈ દેવાણી, ભુપતભાઈ પટોળીયા, હરેશભાઈ ઢાંગલા, ઓઘાભાઈ સનાળીયા, અલ્પેશભાઈ, ભુપતભાઈ ડેર, સાગરભાઈ માંદળીયા, બાબુભાઈ પુંજાપદર, રાજુભાઈ ઘોડાવદર, જેની જેનીશભાઈ ગોઠાવદર, મિતુલભાઈ વાઢાળા, રૂપાભાઈ રણછોડભાઈ, આંબા નાથાભાઈ, મથુરભાઈ હરિભાઈ ચાવડા, નિલેશભાઈ મહેતા, દિલાવરભાઈ ફુલવાળા સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરો પ્રતાપભાઈ દુધાત સાથે જોડાયા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## ચલાલા પંથકના ખેડુતો

દિવસ એક કરી લોહી પરસેવો એક કરી ખેતીકામમાં જોતરાણો છે તો વાડી ધરાવતા ખેડૂતો ટુંકસમયમાં જ ઓરવીને વાવણી કરવાની તૈયારી કરી રહ્યા છે તેવાં સમયે હાલ ડી.એ.પી. ખાતરની ભારે અછત નાં કારણે ખેડૂતો ખેતીકામ કરવું મુશ્કેલ બની ગયું છે અને પિયત ની ખેતી કરતાં ખેડૂતો ને વાવેતર કરવું મુશ્કેલ બની ગયું છે ત્યારે વારંવાર ખેડુતો ની અતી આવશ્યકતા સમાન ખાતરની વારંવાર ની અછતથી ખેડૂતો પારાવાર પરેશાન છે ત્યારે આટલી હદ સુધી આ વિસ્તારના ખેડૂતો પરેશાની હોય જે દૈનિકતા થી તમામ ચુંટાયેલા પ્રતિનિધિઓ બિલકુલ માહિતગાર હોવાં છતાં ખેડૂતોના પ્રશ્ને સદાય નિષ્ક્રિય અને નિદ્રાધીન રહે છે ત્યારે હાલ ચુંટણી નાં સમયે મત માંગનાર નેતાઓ તથા આ વિસ્તારમાં પ્રતિનિધિત્વ કરતા પદાધિકારીઓ એ લોકો એ તેને સોંપેલ જવાબદારીનાં ભાગરૂપે ચલાલા પંથકના હજારો ખેડૂતો ની યાતનાઓ દુર કરવા પ્રયત્નશીલ થઈ ખેડૂતો ને નિયમિત અને જરૂરિયાત મુજબ ખાતર મળે તે સહીત નાં પ્રાણ પ્રશ્નનું નિરાકરણ કરવું જોઈએ તેવી અખબારી યાદી માં અશોકસિંહ તલાટીયા જણાવે છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૭૫૦ | ૩૦૦૦ |
| ૩ | તલ પીળા | ૪૦૪૧ | ૪૦૪૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૪૪ |
| ૫ | બાજરો | ૪૭૧ | ૫૧૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૬૩૦ |
| ૭ | જુવાર | ૫૦૦ | ૮૪૦ |
| ૮ | મકાઈ | ૪૩૬ | ૪૬૬ |
| ૯ | મગ | ૧૮૦૦ | ૨૩૦૦ |
| ૧૦ | મઠ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | અડદ | ૧૬૦૦ | ૧૭૮૫ |
| ૧૨ | તુવેર | ૧૬૧૦ | ૧૮૭૬ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૨૧૩ |
| ૧૪ | રાય | ૮૭૧ | ૯૦૦ |
| ૧૫ | સોયાબીન | ૮૨૬ | ૮૩૧ |
| ૧૬ | ધાણા | ૮૦૦ | ૧૮૨૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૧૫ | ૧૧૯૧ |
| ૨ | શિંગ મોટી | ૧૦૧૦ | ૧૨૧૭ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૩૯૫ | ૧૫૭૧ |
| ૪ | તલ સફેદ | ૨૦૫૫ | ૨૭૩૦ |
| ૫ | તલ કાળા | ૨૪૬૦ | ૩૦૮૯ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૧૫૫ | ૩૧૫૫ |
| ૭ | બાજરો | ૩૪૫ | ૫૧૦ |
| ૮ | જુવાર | ૩૦૦ | ૮૩૨ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૦૩ | ૬૬૮ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૧૫ | ૫૯૬ |
| ૧૧ | ચણા | ૭૦૦ | ૧૨૨૦ |
| ૧૨ | ચણા દેશી | ૧૨૩૫ | ૧૩૪૦ |
| ૧૩ | તુવેર | ૧૪૩૦ | ૨૩૧૫ |
| ૧૪ | કપાસ | ૯૦૦ | ૧૫૦૯ |
| ૧૫ | એરંડા | ૧૦૧૫ | ૧૦૪૯ |
| ૧૬ | જીરૂ | ૪૦૦૦ | ૪૫૨૦ |
| ૧૭ | રાયડો | ૭૫૦ | ૯૮૦ |
| ૧૮ | રાય | ૭૦૦ | ૧૧૦૦ |
| ૧૯ | ધાણા | ૧૧૯૦ | ૧૬૦૫ |
| ૨૦ | ધાણી | ૧૨૦૦ | ૨૦૫૦ |
| ૨૧ | અજમા | ૨૧૯૫ | ૨૧૯૫ |
| ૨૨ | મેથી | ૭૦૦ | ૯૦૦ |
| ૨૩ | સોયાબીન | ૮૩૨ | ૮૩૨ |
| ૨૪ | મરચા લાંબા | ૬૩૦ | ૩૪૦૦ |
| ૨૫ | વરીયાળી | ૧૧૯૦ | ૧૬૦૦ |

## ખાંભા પોલીસ સ્ટાફ અને બીએસએફ જવાનો દ્વારા ફલેંગ માર્ચ યોજાઈ



તસ્વીર : ભાવિક કળસરીયા–ખાંભા

ખાંભા, તા.૧

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીના ગણતરીના જ દિવસો બાકી હોય ત્યારે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે ખાંભા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ કે.ડી.હડિયા તેમજ પોલીસ સ્ટાફ તેમજ બીએસએફના જવાનો દ્વારા મેન બજાર સહિત વિસ્તારમાં ફલેંગ માર્ચ યોજાઈહતી. આવનારી લોકસભાની ચૂંટણી શાંતિમય વાતાવરણમાં યોજાય તેવા શુભ હેતુથી પોલીસ સ્ટાફ દ્વારા ફલેગ માર્ચ યોજવામાં આવી હતી.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૯૪ | ૧૫૧૬ |
| ૨ | મગફળી | ૧૧૩૮ | ૧૧૬૨ |
| ૩ | ઘઉં | ૪૮૬ | ૫૩૪ |
| ૪ | ચણા | ૧૧૩૬ | ૧૨૪૪ |
| ૫ | જીરૂ | ૩૭૮૦ | ૪૪૬૦ |
| ૬ | તલ સફેદ | ૨૧૧૦ | ૨૬૦૦ |
| ૭ | એરંડા | ૯૬૫ | ૧૦૫૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૯૦૧ | ૧૨૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૬૦ | ૧૨૨૫ |
| ૩ | શીંગ નવી | ૧૩૪૨ | ૧૪૪૬ |
| ૪ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૭૮૧ |
| ૫ | તલ કાળા | – | ૩૨૦૦ |
| ૬ | જીરૂ | ૨૭૦૦ | ૪૪૦૦ |
| ૭ | કપાસ | ૧૨૫૦ | ૧૪૮૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૩ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૫૬ |
| ૧૦ | બાજરો | ૪૩૦ | ૫૨૪ |
| ૧૧ | જુવાર | ૪૫૦ | ૬૬૭ |
| ૧૨ | મગ | ૧૬૦૦ | ૧૮૦૧ |
| ૧૩ | ચણા | ૧૧૪૦ | ૧૨૩૦ |
| ૧૪ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૩૬૦ |
| ૧૫ | તુવેર | ૧૮૦૦ | ૨૨૧૫ |
| ૧૬ | એરંડી | ૧૦૦૦ | ૧૦૩૦ |
| ૧૭ | મેથી | ૮૪૧ | ૯૨૧ |
| ૧૮ | રાય/રાયડો | ૮૫૦ | ૧૩૦૦ |
| ૧૯ | ધાણા | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ૨૦ | સોયાબીન | ૮૦૦ | ૮૫૩ |

પાના ૧ ઉપરનું ચાલું

## લીલીયામોટા ખાતે ''નલ સે જલ'' યોજનાં

કામગીરી પુરી કરી નાખવામા આવી છે અને તમામ સંપ, પાઈપલાઈનનુ ટેસ્ટીંગ પણ થઈ ગયુ છે. જો કે તેમ છતાં સ્થાનિક ગ્રામ પંચાયતના સતાધીશોએ લોકફાળાની રકમ કોઈ કારણોસર ન ભરતા આજદિન સુધી હાઉસ કનેકશનની કામગીરી શરૂ કરવામાં આવી નથી. સ્થાનિક લોકોએ ઉચ્ચકક્ષા સુધી રજુઆત કરી છે. જો કે હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. હાલ સ્થાનિક સોર્સમાં પણ પાણી ડુકવા લાગ્યા છે જેના કારણે લોકોને પાણી મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. લોકફાળાની રકમ એકઠી કરવા કમિટીની રચના કરાઈ હતી એક માસ પહેલા લીલીયામાં સ્થાનિક પદાધિકારી અને આગેવાનોએ લોકફાળાની રકમ એકઠી કરવા માટે કમિટીની રચના કરી હતી. તેમ છતાં આજદિન સુધી કોઈ પરિણામ મળ્યું નથી. શહેરમાં નલ સે જલ યોજના ઠેરની ઠેર મહીનું પાણી છેવાડાના વિસ્તાર સુધી પહોંચતું ન હોય ત્યારે કરોડોની યોજનાનું પરિણામ હાલ શૂન્ય જોવા મળી રહ્યું છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૨ | ૧૪૬૧ |
| ૨ | ચણા | ૧૧૯૧ | ૧૨૪૫ |
| ૩ | મગફળી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૪ | જુવાર પીળી | ૬૦૦ | ૭૫૧ |
| ૫ | તલ સફેદ | ૨૬૫૧ | ૨૬૬૬ |
| ૬ | એરંડા | ૯૮૦ | ૧૦૫૦ |
| ૭ | ઘઉં | ૫૫૦ | ૫૫૦ |
| ૮ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૯ | સોયાબીન | ૮૧૦ | ૮૧૦ |
| ૧૦ | ધાણા | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૧૧ | તુવેર | ૧૮૬૦ | ૧૮૬૦ |
| ૧૨ | મેથી | ૯૪૬ | ૯૪૬ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૧ |
| ૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૯૦ |
| ૩ | ધાણા | ૧૧૬૫ | ૧૫૩૧ |
| ૪ | તલ કાળા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૫ | તલ સફેદ | ૪૦૦ | ૫૩૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૮૦ | ૫૦૯ |
| ૭ | મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૮ | મેથી | ૮૪૦ | ૯૦૦ |
| ૯ | રાય | ૯૫૧ | ૯૫૧ |
| ૧૦ | તુવેર | ૧૦૧૦ | ૧૭૦૦ |
| ૧૧ | એરંડી | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૧૨ | ઈસબગુલ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૩ | સોયાબીન | ૭૮૮ | ૮૧૨ |
| ૧૪ | શીંગફાડા | ૧૪૨૫ | ૧૫૦૦ |
| ૧૫ | મગફળી | ૯૯૦ | ૧૦૯૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## કોવિશિલ્ડ વેક્સિનની આડ અસરોની

શરૂઆતમાં એસ્ટ્રાઝેનેકા કંપનીએ બ્રિટીશ કોર્ટમાં કહ્યું કે, અમારી વેકસીનથી કોઈ પ્રોબ્લેમ નથી, પરંતુ તે દેશની સરકાર ડેટા ભેગી કરતી હતી. એ ડેટા કોર્ટમાં રજુ થયો ત્યારબાદ કંપનીએ એફીડેવીટ કરી સ્વીકારવાની ફરજ પડી કે કોવીશીલ્ડ વેકસીનના કારણે ટીટીએસ થાય છે, જેને સાદી ભાષામાં લોહીમાં ગાંઠ થવી કહેવાય. જે ગાંઠ ફરતી ફરતી હાર્ટમાં આવે તો હાર્ટએટેક આવે અને મગજમાં જાય તો બ્રેઈન સ્ટોક આવે જેથી મલ્ટીઓર્ગન ફેઈલ્યોર થાય.

ભારતમાં ૨૦૫ કરોડ કોવીશીલ્ડના ડોઝ ખુબ પ્રેશર કરીને અપાયા અને એની ક્રેડીટ ભારતીય જનતા પાર્ટી લેતી હતી. ગુજરાતમાં ૧૦.૫૩ કરોડ ડોઝ અપાયા બાદ પણ બુસ્ટર ડોઝ લેવા સરકાર દબાણ કરતી હતી. આ વેકસીન મફત ન હતી, પ્રજાની તિજોરીમાંથી કરોડો રૂપિયા આ વેકસીન બનાવનારને અપાતા હતા. આ જનતાના રૂપિયા હતા અને છતાં પોલીટીકલ પબ્લીસીટી કરતા હતા.

આખો દેશ ગૌરવ લઈ શકે એવી ભારત સરકારની પોતાની સેન્ટ્રલ રીસર્ચ ઈન્સ્ટીટયુટ (સીઆરઆઈ) સંસ્થા કે જે ૧૧૮ વર્ષ જુની છે. સેન્ટ્રલ રીસર્ચ ઈન્સ્ટીટયુટ ૩ મે, ૧૯૬૫ના રોજ સ્થપાઈ હતી. આ સંસ્થા વેકસીન બનાવે છે, જેની કેપેસીટી કોઈપણ પ્રાઈવેટ કંપની કરતા ખુબ વધારે છે. દુનિયાભરમાં વેકસીન માટે સ્થાપક પૈકીની ઈન્સ્ટીટયુટ ભારતમાં છે. બીજા વિયુદ્ધ વખતે આ ઈન્સ્ટીટયુટમાંથી જે વેકસીન ગયા તેની દુનિયાભરમાં પ્રશંસા થઈ હતી. આપણા દેશમાં પોલીયો, શીતળા, ટી.બી. વગેરે રોગો હતા. આ બધા રોગો સામે રોગ પ્રતિકારક શકિત વધે, વેકસીનથી રોગ નિર્મુળ થાય તે માટે એનું સંશોધન, ઉત્પાદન આ સંસ્થામાં થતું હતું. આ સંસ્થા સામે કયારેય કોઈ પ્રશ્નાર્થ નહોતો. દુનિયાની બેસ્ટ લેબોરેટરી ભારત પાસે હતી, એ વેકસીનનું પુરતું ઉત્પાદન કરી શકે તેમ હતી, છતાં ખાનગી કંપની સીરમ ઈન્સ્ટીટયુટને શા માટે કામ સોંપાયું ? ભાજપ સરકારે ૩,૦૦૦ કરોડ રૂપિયા સીરમ ઈસ્ટીટયુટને તથા ૧,૫૦૦ કરોડ રૂપિયા ભારત બાયોટેકને કોવીશીલ્ડ બનાવવા માટે એડવાન્સમાં આપ્યા.

ભારતના પ્રધાનમંત્રી એ ભાજપના નહીં પરંતુ દેશના છે ત્યારે એમની પાસે અપેક્ષા છે કે, ગુજરાતના સ્થાપના દિવસે ગુજરાતને અને દેશની જનતાને જવાબ આપે કે, (૧) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કહ્યું હતું છતાં ડેટા ભેગા કેમ ન કર્યો ? (૨) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝશને ૨૦૨૩માં તો ઈમરજન્સી ગાઈડલાઈન આપી કે ટીટીએસ (લોહીની ગાંઠ) ના કિસ્સા વધી રહ્યાં છે, છતાં તે દિશામાં કામગીરી કેમ ન કરી ? (૩) દુનિયાની પ્રસિદ્ધ ઈન્સ્ટીટયુટ ભારત સરકાર પાસે હતી છતાં ખાનગી કંપનીને ૩,૦૦૦ અને ૧,૫૦૦ કરોડ રૂપિયા એડવાન્સ આપીને એમની પાસે વેકસીન કેમ ઉત્પાદીત કરાવી ? (૪) WHOના કહ્યા મુજબ ડેટા ભેગો કરીને હેલ્થ ચેકઅપ થયા હોત તો આજે દેશ અને રાજયમાં કેટલાય વ્યકિતઓના હાર્ટએટેક, બ્રેઈનસ્ટોક, કીડની ફેઈલ, લીવર ફેઈલના કારણે થતા મૃત્યુ રોકી શકાયા હોત. આ ગુનાહિત બેદરકારી માટે સરકારનું શું કહેવુ છે?

કોવીશીલ્ડનું પ્રાઈઝ ફેકટર દુનિયા કરતાં વધારે ૪૦૦થી ૬૦૦ રૂપિયા ભારતમાં રહ્યું. રાહુલ ગાંધીજીએ અલગ–અલગ ટ્વીટ કરી ડેટા કલેકટ કરાવી, હેલ્થ પેરામીટર્સ ચેક કરાવીને વેકસીનની આડઅસરની ચિંતા કરવાની માંગ કરી હતી અને સવાલ કર્યા હતા કે, ભારત સરકારની લેબોરેટરીમાં વેકસીનનું ઉત્પાદન કેમ નહીં? વેકસીનની પ્રાઈઝ ખુબ ઉંચી કેમ? અમારી માંગણી છે કે, વેકસીન બનાવતી કંપનીઓએ જે ધનભંડોળ ભાજપને આપ્યો છે તે ભાજપ સરકારી તિજોરીમાં જમા કરાવે અને દેશ અને ગુજરાતમાં વેકસીનના કારણે જેના મૃત્યુ થયા હોય એમને વળતર પેટે એ રૂપિયા આપી દે.

પત્રકારના પુછાયેલા સવાલના જવાબ આપતા શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, WHO મુજબ સર્વે નહીં કરાવી અને ડેટા કલેકટ નહીં કરાવીને ભાજપ સરકારે ગુનાહિત બેદરકારી દાખવી છે. મને ચોક્કસ વિસ છે કે સારી રીતે લડનારા એન.જી.ઓ., સંસ્થાઓ છે અને આ મેટર કોર્ટોમાં પણ જશે અને કાર્યવાહી પણ થશે, જેમાં આઈ.પી.સી.ની કલમ ૩૦૪ લાગી શકે એવી પરિસ્થિતિ થાય છે. તમારી બેદરકારીથી કોઈનો જીવ જાય છતાં તમે નિષ્કાળજી રાખો તો આઈ.પી.સી.ની કલમ ૩૦૪ એપ્લાય થાય. હું અપેક્ષા રાખું છું કે, હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ આ મુદ્દાને હાથ ઉપર લે અને આઈ.પી.સી. કલમ ૩૦૪ નીચે ગુનો દાખલ થવો જોઈએ અને વેકસીનના કારણે મૃત્યુ પામનારના પરિવારજનોને સરકારે વળતર આપવું જોઈએ.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શકિતસિંહજી ગોહિલે આજે રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત અને મહારાષ્ટ્રના સ્થાપના દિવસે નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી.


સંકુલ ઉ.મા. સાયંસ – GM ગર્લ્સ A & B ગ્રુપ
EM ગર્લ્સ B ગ્રુપ – GM કુમાર B ગ્રુપ

* ધો. ૧૧–૧૨ સાયંસ ગુજરાતી મિડીયમ ગર્લ્સ સ્કૂલ બાયોલોજી – મેથ્સ પ્રવેશ ચાલુ
* ધો. ૧૧–૧૨ સાયંસ ઇંગ્લીશ મિડીયમ ગર્લ્સ સ્કૂલ બાયોલોજી પ્રવેશ ચાલુ – મેથ્સ ચાલુ સાલ થી બંધ થશે.
* ધો. ૧૧ સાયંસ નવી કુમાર શાળા ગુજરાતી મિડીયમ બાયોલોજી પ્રવેશ ચાલુ – મેથ્સ Next Year થી શરૂ થશે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad014

# ગારિયાધાર-જેસર પંથકમાં વિકાસનો ધમધમાટ કરીશ : જેની ઠુંમર



અમરેલી - મહુવા - ગારીયાધાર વિસ્તારના કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ગઠબંધન ઈન્ડીયા ગઠબંધન તરફથી કોંગ્રેસના મહિલા અને શિક્ષીત ઉમેદવાર જેનીબેન ઠુમ્મર આજે ગારીયાધાર - જેસર વિસ્તારના પ્રવાસે હતા જયા તેમણે ગારીયાધાર ખાતે રોડ શો યોજયો હતો અને જેસર અને ગારીયાધારના કાર્યલયનું પ્રારંભ કરવામાં આવ્યો હતો.આ તકે જેનીબેન ઠુમ્મરે જણાવ્યુ હતુ કે ગારીયાધાર -જેસર વિસ્તારમાં મુખ્યત્વે ખેતી અને હિરા ઉદ્યોગ નથી રોજગારી મળે છે. ત્યારે સરકાર હિરા ઉદ્યોગને પ્રોત્સાહન આપે અને હિરા વિકાસનિગમની સ્થાપના કરે આ ઉપરાંત આ વિસ્તારના ખેડૂતોને ખેતીમાં પાક વિમો પુન : શરૂ કરવામાં આવે આ ઉપરાંત ખાતર - બિયારણ પર વધારના ટેકસ નાબૂદ કરવામાં આવે તેવી રાજય અને કેન્દ્ર સરાર પાસે માંગણી છે.આ વિસ્તારમાં વિધવા સહાય ૨૫૦૦ અને વિકલાગ સહાય રૂા. ૨૫૦૦ તેમજ વૃધ્ધ પેન્શન સહાય રૂા. ૨૫૦૦ કરવામાં આવે તેવી અમારી રાજય સરકાર પાસે માંગણી છે. આ ઉપરાંત હોમગાર્ડના જવાનોને રૂા.૭૦૦ અને જી.આર.ડી.ના જવાનોને રૂ.૫૦૦ દૈનિક પગાર ભથ્થુ કરવામાં આવે તેવી અમારી માંગણી છે.આ ઉપરાંત લારી અને વાહન દ્વારા રોજગાર મેળવતા લોકો માટે સરકાર વિમા કવચ આપે અને તેમને માસિક રૂા.૧ હજાર સહાય મળે તેવી અમારી માંગણી છે. અમરેલી જિલ્લા સહિત સમગ્ર વિસ્તારમાં ફજ બજાવતા આગંણવાડી, હેલ્થ વર્કર અને શિક્ષકોને વધારાની નોકરી આપવાના બદલે તેમને તેમની જ ફરજ સોપવામાં આવે દરેક ગ્રામ્ય લેવલે સ્કુલ શિક્ષકોની અછત દૂર કરવામાં આવે અને આ વિસ્તારમાં સારી શૈક્ષણિક સંસ્થાઓ અને આરોગ્ય લક્ષી હોસ્પિટલો શરૂ કરવામાં આવે તેવી મારી પ્રાથમિકતા રહેશે.જેસર વિસ્તારમાં સારમાં સારો એસ.ટી.ડેપો બને તે માટે અમારા પ્રયત્નો રહેશે. કોંગ્રેસના સમયમાં ૩૭૦ નો રાધણગેસનો બાટલો મળતો હતો તે ભાજપ સરકારે ૧૧૦૦નો કર્યો, ખાતર-દવા-બિયારણ પણ મોંઘા કર્યા ખેડૂતોને પોતાની ઉપજના પુરતા ભાવ ભળતા નથી લોકો ખેતી છોડી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલા ચૂંટણી ગેરંટીને પ્રતાપભાઈ દુધાતે વાચી સંભળાવ્યો હતો. જેમાં યુવાનો માટે કેન્દ્ર સરકારના સરકારી વિભાગોમાં ૩૦ લાખ નોકરીઓની જગ્યા ખાલી છે. તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે. ૨૫ વર્ષ ઓછી ઉમરના યુવાનો ગ્રેન્જયુએટ અને ડીપ્લોમાં ડીગ્રી ધારકોને એપ્રેન્ટીશ એકટ મુજબ ૧ વર્ષ સુધી રૂા. ૧ લાખ આપવામાં આવશે, અને અગ્નિપંથ યોજનામાં ૪ વર્ષની નોકરી આપવામાં આવે છે. તે પુન : જુની પધ્ધતી મુજબ કરવામાં આવે છે. સરકારી નોકરીઓમાં પેપરલીક થાય તેની સામે સખત કાયદો, **ખેડૂતો :** ખેડૂતો માટે જણસના ભાવની મીનીમમ ગેરંટી એટલે એમ.એસ.પી.ની કાનુંની ગેરંટી, ખેડૂતોનું દેવા માફી, ખેડૂતોનું બિયાર, દવા અને ખેતીના સંશાધનોમાં જી.એસ.ટી.માંથી મુકિત, બહેનો માટે : ગરીબ પરિવારની મુખ્ય બહેનને વાર્ષિક રૂા.૧ લાખ, અને સરકારી નોકરીમાં ૫૦% આરક્ષણ, **મજુરો માટે :-** મનરેગા અંતર્ગત થતા રાહતકામોમાં રૂા.૪૦૦ સુધી રોજી કરવામાં આવશે., જોમેટો, સ્વીગી, કુરીયર જેવી કંપનીમાં કામ કરવાવાળા લોકોને સમાજિક સુરક્ષા આપવામાં આવશે.અને રૂા.૨૫ લાખ સુધી આરોગ્ય સેવાઓ અને દવા આપવામાં આવશે.ન્યાય : આર્થિક અને જાતીગત જન સંખ્યા ગણના થશે. જલ - જંગલ - જમીનનો કાનૂની હક વન અધિકારવાળા કાનુન ૧ વર્ષમાં ફેસલો, વન અધિકાર અધિનિયમ લાગુ કરવામાં આવશે. આદિવાસીત બહુમતિ વાળા વિસ્તારોમાં અધસિુચિત થાશે. આ તકે ઉપસથિત આગેવાનોમાં ધારાસભ્ય સુધીરભાઈ વાઘાણી, તાલુકા કોંગ્રેસ પ્રમુખ મહાવિરસિંહ ગોહિલ, શહેર પ્રમુખ ગોવિંદભાઈ મારડીયા, બી.એમ.માંગુકીયા, પી.એમ.ખેની. હરજીભાઈ વણજારા, અજીતસિંહ ગોહિલ, ગીરીરાજસિંહ ગોહિલ, હબીબખાન બ્લોચ, વલ્લભભાઈ માણીયા, દિવ્યેશભાઈ ચાવડા, માધુભાઈ માણીયા, અશોકભાઈ ભરોળીયા, ભીખાભાઈ મુંઝાણી, કનુભાઈ લુખી, પ્રવિણભાઈ સાવલીયા, બાલાભાઈ ઝાલાવડીયા, પ્રવિણભાઈ ઝાલા, હિમતભાઈ ઢકેચા, આર.કે ચૌહાણ, હિમતભાઈ માણીયા, રમેશભાઈ પાળીયાદ્રા, ઘનશ્યામભાઈ જવાણી, ફિરોઝભાઈ કાસમણી, અશરફભાઈ જોગીયા, સમીર પઠાણ, વાહીદભાઈ, સુરેશભાઈ, સહિત બહેનો વિશાળ સંખ્યામાં ઉપસથિત રહ્યા.

### ૧૦ રાજ્યોમાં ૩૦ સ્થળે પાડ્યા દરોડા

## એપથી રોકાણ સ્કીમમાં છેતરપિંડી મામલે CBIની મોટી કાર્યવાહી

### બે ખાનગી કંપનીઓ અને તેના નિદેશકો સામે કેસ નોંધાયો

નવી દિલ્હી, તા.૧

કેન્દ્રીય તપાસ બ્યુરો **(CBI)**એ એચપીઝેડ ટોકન એપ **(HPZ Token App)** દ્વારા રોકાણની લાલચ આપી રાષ્ટ્રવ્યાપી છેતરપિંડીના કેસમાં ૧૦ રાજ્યોમાં અને કેન્દ્ર શાસિક પ્રદેશોમાં ૩૦ સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા છે. આ રાજ્યોમાં દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ અને કર્ણાટકનો સમાવેશ થાય છે. સીબીઆઈએ એચપીઝેડ ટોકન એપ સંબંધિત મામલામાં અત્યાર સુધીમાં મોબાઈલ ફોન, કોમ્પ્યુટર, હાર્ડ ડ્રાઈવ, સિમકાર્ડ, એટીએમ, ડેબિટ કાર્ડ, ઈ-મેઈલ એકાઉન્ટ તેમજ વિવિધ ડોક્યુમેન્ટ સહિત મહત્વના ડિજિટલ પુરાવાઓ જપ્ત કર્યા છે. સમાચાર એજન્સીના અહેવાલો મુજબ સીબીઆઈએ છેતરપિંડી યોજનામાં સામેલ બે ખાનગી કંપનીઓ અને તેના નિદેશકો વિરુદ્ધ કેસ નોંધ્યો છે. સીબીઆઈના જણાવ્યા મુજબ કથિત આરોપીઓમાં શિગૂ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ અને લિલિયન ટેક્નોકેબ પ્રાઈવેટ લિમિટેડ (બંને ખાનગી કંપનીઓ) અને તેના નિદેશક સામે કેસ નોંધવામાં આવ્યો છે.એચપીઝેડ ટોકન આધારિત એપનું કામકાજ કરે છે અને તે બિટકોઈન અને અન્ય ક્રિપ્ટો કરન્સી માટે ખાનકામ મશીનોમાં રોકાણ કરીને વપરાશકર્તાઓને મોટા નફાની લાલચ આપે છે. છેતરપિંડી કરનારાઓ લોકોને છેતરવા માટે એક મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરતા હતા. તેઓ બિટકોઈન ખાણકામમાં રોકાણ કરવા બદલ મોટું રિટર્ન મેળવવા માટે એચપીઝેટ ટોકન એપમાં રોકાણ કરવાનું કહી લોકોને લલચાવતા હતા. સીબીઆઈના જણાવ્યા મુજબ અત્યાર સુધીની તપાસમાં જાણવા મળ્યું છે કે, રોકાણકારોની રકમ એકત્ર કરવા માટે કુલ ૧૫૦ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરાયો હતો.સીબીઆઈએ કહ્યું કે, આ મામલે તપાસ હાથ ધર્યા બાદ છેતરપિંડી અટકાવવાની સાથે આરોપીઓ વિરુદ્ધ પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે. આ કેસમાં હજુ પણ તપાસ ચાલુ છે. શરૂઆતમાં એપ દ્વારા ફંડનો ઉપયોગ રોકાણકારોને ચુકવણી કરીને વિશ્વાસ વધારવા માટે કરાતો હતો. ભારતની બહાર ગેરકાયદેસર રીતે ફંડ ટ્રાન્સફર થતા પહેલા તે ફંડને ઘણીવાર ક્રિપ્ટોકરન્સીમાં બદલવામાં આવતું હતું અથવા હવાલા વ્યવહારો દ્વારા ટ્રાન્સફર કરાતું હતું.

### ખનન માફિયા સરકારી જમીનમાંથી કાળા પથ્થર ખોદતા હતા

## કાળા પથ્થર-ખનીજ ચોરીનું ૨૮૦ કરોડનું કૌભાંડ કરનાર આરોપી ઝડપાયો

### ૭ મહિનાથી નાસતા ફરતા આરોપીને સ્થાનિક પોલીસ પકડવાની હિંમત કરતી ન હોવાથી સ્ટેટ મોનિટરિંગ સેલે ઓપરેશન પાર પાડ્યું

અમદાવાદ, તા.૧

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલામાં વર્ષોથી જમીન ખનન અને કાળા પથ્થર(બ્લેક ટ્રેપ)નું ખનન અને ચોરી ચાલી રહી હોવાની બાબત સરકારના ધ્યાન પર આવતા તપાસના આદેશ અપાયા હતા. જેમાં રૂપિયા ૨૮૦ કરોડનું ખનન થયું હોવાની ફરિયાદ નોંધાઈ હતી. આ પ્રકરણમાં સ્થાનિક પોલીસે ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી હતી. જોકે પોલીસ ખનન માફિયા સામે ઢીલી પડતી હોવાથી આ તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલને સોંપવામાં આવી હતી, આ પ્રરકણમાં રીઢા ગુનેગાર ભરત વાળાને સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે સાયલામાંથી જ ઝડપી લીધો છે. ખનીજ ખનન ઉપરાંત એક્સ્પ્લોઝિવ એક્ટ અને હથિયાર સાથે લૂંટના સંખ્યાબંધ ગુનામાં ભરત વાળા વોન્ટેડ હતો. સુરેન્દ્રનગરમાં જમીન માફિયાઓ, ખનન માફિયાઓનો આતંક વર્ષોથી વધતો રહ્યો છે. ખનન માફિયા સરકારી જમીનમાંથી કાળા પથ્થર(બ્લેક ટ્રેપ) ખોદતા હતા. આ માફિયા ૨૮૦ કરોડ રૂપિયાનું ખનન કરી ગયા બાદ સરકારે તેમની વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી. જેમાં મુખ્ય સાગરિત ભરત સાર્દુલભાઈ વાળા(રહે. સુદામડા, સાયલા-સુરેન્દ્રનગર) સાત મહિનાથી પોલીસને હાથતાળી આપીને ભાગતો ફરતો હતો. આ પ્રકરણની તપાસ આખરે સ્ટેટ મોનિટરિંગ સેલને સોંપવામાં આવી હતી. સ્ટેટ મોનિટરિંગ સેલના કે.ટી.કામરિયાએ બાતમીદારોને એક્ટિવ કર્યા અને બાતમી મળી કે, ભરત વાળા સાયલા તાલુકાની ડોળીયા ચોકડી પાસે રિલાયન્સના પેટ્રોલપંપ પર આવ્યો છે. જેને પગલે પોલીસે તેને ઝડપી લીધો હતો.

### મતદાનની ટકાવારી આટલી કેવી રીતે વધી?

## વોટિંગના જાહેર થયેલા આંકડા ઉપર વિપક્ષે ઉઠાવ્યા સવાલ

### શરૂઆતના આંકડાની સરખામણીમાં મતદાનની ટકાવારી આટલી કેવી રીતે વધી ગઈ અને મતદારોની સંખ્યા કેમ ન આપી?

નવી દિલ્હી, તા.૧

ચૂંટણી પંચે મંગળવારે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાનના ૧૧ દિવસ અને બીજા તબક્કાના મતદાનના ચાર દિવસ બાદ ઓફિશિયલ આંકડા જાહેર કર્યા છે. આ આંકડા અંગે માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટીના નેતા સીતારામ યેચુરી, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓબ્રાયન અને રાજકીય વિશ્લેષક યોગેન્દ્ર યાદવે સવાલ ઉઠાવ્યા છે. તેમણે પૂછ્યું કે શરૂઆતના આંકડાની સરખામણીમાં મતદાનની ટકાવારી આટલી કેવી રીતે વધી ગઈ અને મતદારોની સંખ્યા કેમ ન આપી?ચૂંટણી પંચે જણાવ્યું કે, પ્રથમ તબક્કામાં ૬૬.૧૪% અને બીજા તબક્કામાં ૬૬.૭૧% મતદાન થયું છે. ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૦૨ બેઠકો માટે થયેલા મતદાનમાં ૬૬.૨૨% પુરૂષ અને ૬૬.૦૭% મહિલા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો છે. જ્યારે નોંધાયેલા ટ્રાન્સજેન્ડર મતદારોમાં ૩૧.૩૨%એ મતદાન કર્યું છે. બીજી તરફ બીજા તબક્કાનું મતદાન ૨૬ એપ્રિલે પૂર્ણ થયું હતું જેમાં ૮૮ બેઠકો માટે ૬૬.૯૯% પુરુષ મતદારો અને ૬૬.૪૨% મહિલા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. બીજા તબક્કામાં ટ્રાન્સજેન્ડર નોંધાયેલા મતદારોએ ૨૩.૮૬% મતદાન કર્યું છે.ચૂંટણી પંચના આ આંકડાઓ અંગે સીતારામ યેચુરીએ 'ઠ' પર લખ્યું કે, આખરે ચૂંટણી પંચે પ્રથમ બે તબક્કાના મતદાનના અંતિમ આંકડા જાહેર કરી દીધા છે જે સામાન્ય રીતે મામૂલી નથી પરંતુ પ્રારંભિક આંકડા કરતા વધુ છે. પરંતુ દરેક સંસદીય મતદારક્ષેત્રમાં મતદારોની સંપૂર્ણ સંખ્યા કેમ જણાવવામાં ન આવી? જ્યાં સુધી આ આંકડો જણાવવામાં ન આવે ત્યાં સુધી આ મતદાનની ટકાવારી અર્થહીન છે. તેમણે લખ્યું આગળ લખ્યું કે, પરિણામોમાં હેરફેરની આશંકા બની રહે છે કારણ કે મતગણતરી સમયે કેટલાક મતદાન નંબરોમાં ફેરફાર કરવામાં આવી શકે છે. ૨૦૧૪ સુધી દરેક મતવિસ્તારમાં કુલ મતદારોની સંખ્યા હંમેશા ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ રહેતી હતી. પંચે પારદર્શી હોવું જોઈએ અને આ આંકડાને સામે મૂકવા જોઈએ.

એક અન્ય પોસ્ટમાં યેચુરીએ લખ્યું કે, હું દરેક મતવિસ્તારમાં નોંધાયેલા મતદારોની સંપૂર્ણ સંખ્યાની વાત કરી રહ્યો છું, મતદાન કરાયેલા મતોની સંખ્યા વિશે નહીં. જે પોસ્ટલ બેલેટની ગણતરી પછી જ જાણી શકાશે. દરેક મતવિસ્તાર ક્ષેત્રમાં મતદાતાઓની કેટલીક સંખ્યા કેમ જણાવવામાં નથી આવી રહી? ચૂંટણી પંચે જવાબ આપવો પડશે.

# હાશકારો : મનરેગા હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં રાહતકામ શરૂ થયા



અમરેલી તાલુકાના જશવંતગઢ ગામે મનરેગા હેઠળ સરકાર દ્વારા રાહત કામ શરૂ કરવામાં રોજગાર વાંચ્છુક લોકોને મનરેગા હેઠળ કામ મળતા પાળાનું માટી કામ શરૂ કરવામાં આવેલ હતુ.

### અમરેલી માર્ગ ઉપર આવેલ ગાયત્રી મંદિર નજીકની ઘટના

# લીલીયામોટા ખાતે ગેસની પાઈપલાઈનમાં લિકેજ

**બનાવની જાણ થતાં મામલતદાર, ટીડીઓ, સરપંચ સહિત સૌ કોઈ ઘટના સ્થળે દોડયા**

**યુધ્ધનાં ધોરણે પીજીવીસીએલ દ્વારા વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો**

**ગ્રામ પંચાયતનાં જેટિંગ મશીનથી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવાયો**

**ગ્રામ પંચાયત અને ગેસ કંપનીનાં કર્મચારીઓએ આગ બુઝાવી**






લીલીયા મોટા, તા. ૧

લીલીયા મોટાનાં અમરેલી રોડ પર આવેલ ગાયત્રી મંદિર સામે ગુજરાત ગેસની લાઈનમાંથી પીએનજી ગેસની લાઈનમાં પડયું ભંગાણ. પીએનજી ગેસ નીકળવાથી આગ લાગી અને આગ લાગવાથી તાત્કાલિક વીજ પુરવઠો બંધ કરાયો. સવારનાં ૮:૪૫ મિનિટે ઘટના ઘડી અને આ ઘટનાની થતાં સ્થાનિક તંત્ર ગણતરીની મિનિટોમાં ઘટના સ્થળે પહોંચ્યું. લઈન તૂટતા એકાદ કલાક ગેસ રિલીઝ થયો ગુજરાત ગેસ દ્વારા લાઈન જમીનમાં ઉપર નાખવામાં આવેલ હોવાથી ઘટના ઘટી હોવાનું પ્રાથમિક તારણ. કોઈ મોટી જાનહાની થાય તે પહેલા લીલીયા ગ્રામ પંચાયતના સરપંને બનાવની તાત્કાલિક જાણ કરાતા ગ્રામ પંચાયતના જેટિંગ મશીનના ટાંકાથી પાણીનો મારો ચલાવીને આગ ઠારવાના પ્રયાસો હાથ ધરવામાં આવેલ અને ઘટનાની ગંભીરતા જોઈ સ્થાનિક તંત્ર તાત્કાલિક ગણતરીની મિનિટોમાં ઘટના સ્થળે પહોંચ્યું હતું. જેમાં મામલતદાર દેસાઈ, નાયબ મામલતદાર પંકજ બારૈયા, ટીડીઓ તુષાર રાદડીયા, ટાઉન પોલીસ અધિકારી ગૌતમભાઈ ખુમાણ, પીજીવીસીએલના કર્મચારીઓ, ગુજરાત ગેસના કર્મચારીઓ સહિત લીલીયાનાં સરપંચ તેમજ ગ્રામ પંચાયતના કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. ગુજરાત ગેસના કર્મચારીઓ દ્વારા લીકજિંગનું સમારકામ શરૂ કરાયું હતું. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ક્રુરતાપુર્વક બાંધીને લઈ જવાતા હોવાથી

## ચાવંડ નજીક ટ્રકમાં પસાર થતા પશુઓને બચાવી લેવામાં આવ્યા

**પોલીસે રૂપિયા ૫.૮૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા. ૧

અમરેલીના પાણી દરવાજા પાસે આવેલ કાજીવાડ વિસ્તારમાં રહેતા અને ડ્રાઈવીગ કરતાં ઈરફાનભાઈ ઈકબાલભાઈ કુરેશી નામનાં ઈસમે વગર પાસ પરમીટે પોતાના હવાલા વાળા ટ્રક નં. જીજે ૧ઈટી ૬૧૨૨ માં ભેંસ જીવ નંગ-૮ કિંમત રૂપિયા ૮૦,૦૦૦ તથા પાડો જીવ નંગ-૧ કિમત રૂપિયા ૮૦૦૦ તથા ટ્રકની કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦ મળી કૂલ કિંમત રૂપિયા ૫,૮૮,૦૦૦ નો મુદામાલ કબ્જે કરી પશુઓને ક્રુરતા પુર્વક ભરી પશુઓ માટે કોઈ ઘાસચારો કે પાણીની વ્યવસ્થા ન કરી પશુ પ્રત્યે ઘાતકી પણુ દાખવી કતલખાને લઈ જવાના ઈરાદાથી ગત તા.૨૯/૪ ના રાત્રે ૧૦/૪૫ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન ચાવંડ ગામે ચેક પોસ્ટ પાસેથી મળી આવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### ફરિયાદીનાં ગામનાં જનકભાઈ ભાસ્કર સહિતનાં આરોપીઓ સામે ફરિયાદ

## અમરેલીનાં વિઠલપુર ખંભાળીયાનાં યુવક પાસે રૂપિયા ૧૪.૫૦ લાખની કાર ખરીદી કરાવીને બાદમાં પડાવી લેવાઈ

**અન્ય ૨૩ વ્યકિતઓ સાથે પણ ઠગાઈ કર્યાનું બહાર આવ્યું**

અમરેલી, તા.૧

અમરેલી તાલુકાના વિઠલપુર ખંભાળીયા ગામે રહેતા લાલજીભાઈ ઉર્ફે લાલુ રમેશભાઈ મકવાણા નામનાં ૩૦ વર્ષિય યુવકને તે જ ગામે રહેતા આરોપી જનકભાઈ કિશોરભાઈ ભાસ્કર તથા સુરત ગામે રહેતા ભાગીદાર મયુર ઉર્ફે સજ્ની વસંતભાઈ સાંડીસ તથા અપેશભાઈ ચંદ્રકાંતભાઈ જરીવાલાએ વિશ્વાસમાં લઈ, આરોપીએ પોતાનો આર્થિક ફાયદો મેળવવાના સમાન ઈરાદે અને પુર્વ આયોજીત ગુન્હાહિત કાવતરૂ ઘડીને, યુવક પાસે નવી કાર નં.જીજે ૧૪ બીડી ૪૩૭૧ કિમત રૂપિયા ૧૪,૫૦,૦૦૦ની યુવક પાસે ખરીદાવડાવેલ અને તેનું ઉંચુ ભાડુ મેળવવાના સપનાઓ બતાવી, સુરત મેટ્રોના કામમાં ગાડી ભાડે મુકવાનું કહી યુવક પાસેથી તેની ગાડી લઈ લીધેલ અને તે ગાડી સુરત મેટ્રો ટ્રેનના પ્રોજેક્ટમાં નહી મુકી બારોબાર તે ગાડી યુવકની જાણ બહાર દિલ્હી બાજુ કોઈને વેચી દઈ, તેમજ અન્ય ૨૩ જેટલા લોકોની ગાડીઓ પણ બારોબાર વેચી દઈ યુવક અને અન્ય ૨૩ જેટલા લોકો સાથે છેતરપિંડી વિશ્વાસઘાત કરેલ, તેમજ તમામ આ આરોપીઓએ સુરત, ભાવનગર સહિત ગુજરાત રાજયના અન્ય જિલ્લાઓમાં ૧૦૦ થી વધુ લોકોની ગાડીઓ ભાડે મુકવવા સારૂ મેળવી લઈ વેચી દઈ છેતરપિંડી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાય છે.

### કોન્ટ્રાકટ બાબતે મારામારીની ઘટનાની આશંકા

## રાજુલા : દેવપરા-ભેરાઈ માર્ગ નજીક આધેડ ઉપર પાંચ ઈસમો એ કર્યો હુમલો

અમરેલી, તા.૧

મૂળ અમદાવાદના વતની અને હાલ રાજુલા ગામે છાતડીયા રોડ સરસ્વતી સ્કૂલની પાછળ રહેતા રાજેશ કૃષ્ણદાસ નામનાં ૫૧ વર્ષિય આધેડને પાંચ અજાણ્યા ઈસમોએ દેવપરા ભેરાઈ ગામના પાટીયા પાસે અવરોધ કરી આધેડની ફોરવ્હિલ કાર ઉભી રખાવી આ અજાણ્યા ઈસમોએ કોઈ મનદુઃખ રાખેલ હોય કે અન્ય કોઈ કોન્ટ્રાકટ રાખવા બાબતનું મનદુઃખ રાખી અજાણ્યા માણસોએ ભેગા મળી કાયદા વિરૂધ્ધ મંડળી રચી પાંચેય ઈસમોએ હુલ્લડ કરી સમાન ઉદેશ્ય પાર પાડી હુમલો કરી આધેડની ફોરવ્હિલ કારના કાચ તોડી રૂપિયા ૩૦,૦૦૦ નું નુકસાન ઝપાઝપી કરી લાકડી વડે આધેડને જમણી આંખ નીચે તથા ગાડીનો આગળનો કાચ તૂટી નાક ઉપર સામાન્ય ઈજા કરી તથા મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાય છે.




### ખેડુત પુત્ર ગણાતા રાજકીય આગેવાનો મદદ કરતા નથી

## ચલાલા પંથકના ખેડુતો ડીએપી ખાતર, સિંચાઈ માટે પાણી, રાણી પશુઓની સમસ્યાથી ચિંતિત

**લોકસભાની ચુંટણીના માહોલમાં પણ ખેડુતોની વેદના કોઈ સાંભળતુ નથી**

ચલાલા, તા. ૧

સમગ્ર ભારત વર્ષમાં લોકશાહીનું મહાપર્વ એટલે લોકસભાની ચૂંટણી નો માહોલ જામ્યો છે ત્યારે દરેક પક્ષો સતા મેળવવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે અને ખેડુતો ખેતમજૂરો પશુપાલકો વેપારીઓ શ્રમજીવીઓ સહિત આમ જનતાને રિઝવવા અનેક પ્રકારના પ્રલોભનો આપી નેતાઓ પોતાની રાજકીય ખિચડી પકાવવા ભારે મહેનત કરી રહ્યા છે વારંવાર ખેડુત પુત્ર હોવાની અને ખેડુતોની મુશ્કેલીનાં સમયે અમે ખેડુતો નાં પ્રશ્ને અમે રાત દિવસ લડતા રહીશું તેવી હંબકવાતો કરી ચુંટણી જીત્યા બાદ ખેડુતોનાં હાલ હેવાલ પુછવા નો સમય નથી જેમ દર્દ મટયુ એટલે વૈદ વેરી જેવી સ્વાર્થ વૃત્તિ નું ગંદુ રાજકારણ ખેલનારા રાજકીય મહાનુભાવો ની અણ આવડત નિષ્ક્રિયતા અને સતત પોતાના અંગત સ્વાર્થ સસ્તી પ્રસિદ્ધિ અને મતના રાજકારણ માં જ રચ્યાપચ્યા રહેતા હોવાથી સમગ્ર ચલાલા પંથકમાં જળાશય ચેકડેમો કે સિંચાઈ જેવી આવશ્યક સેવાઓ થી વંચિત છે તેટલું જ નહી આ વિસ્તારના ખેડૂતો સિંહ દીપડાઓ જેવાં હિંસક રાની પશુઓ થી ત્રસ્ત છે તો ઘણાં ખેડૂતો ખેતમજૂરો પશુઓનો શિકાર બની મોતનાં મુખમાં ધકેલાયાનાં અનેક કિસ્સાઓ છે છતાં આ વિસ્તારના ખેડૂતો સાથે આટલી હદ સુધી હળાહળ અન્યાય થતો હોય છતાં આ વિસ્તારના જન પ્રતિનિધિઓ આવી ગંભીર પરિસ્થિતિ માં પણ સતત મેન અને નિષ્ક્રિય નેતાઓ નાં કારણે સમગ્ર ચલાલા પંથકનાં ખેડુતો રાસાયણિક ખાતર છતે પૈસે પણ ન મળતાં ચલાલા વિસ્તારના જગતનાં તાતને ખાતર માટે ગામો ગામ દરદરની ઠોકરો ખાવાં લાચાર અને મજબુર બનવું પડે છે ત્યારે ચોમાસાની ભર સિઝનમાં વરસાદ નાં સમયે યુરિયા ખાતર ની જયારે જરૂરિયાત હોય તેવા ખરાં સમયે વારંવાર ભારે અછત ખેડૂતો ને ભારે વરસાદ નાં કારણે યુરિયા ખાતર નાં અભાવે ખેડૂતો નો મહામુલો દિકરા નાં પાડ નો મોલ નષ્ટ થઈ જાય છે તેટલું જ નહી પણ હાલ ચોમાસાની ઋતુ શરૂ થવાની હોય ત્યારે જગતનો તાત પોતાની આજીવિકા સમાન ખેતીમા ખેતીકામ માટે જોતરાઈ રાત

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)